
માસિક Shree Swaminarayan (Gujarati Monthaly)

શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૨૩૦ ● સપ્ટેમ્બર ૨૦૨૬

Volume no. 19, • Issue No. 230 • September 2026



પ્રકાશકઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,અમદાવાદ-૧ Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001 Rs.5/-





પોતાના ૨૯ મા પ્રાકટ્યોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ આાપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી અને પ્રાકટ્યોત્સવની આરતી ઉતારતા સંતો.





ટોરેન્ટો (કેનેડા) મંદિરના ૧૮મા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા તથા સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



કોલોનિયા (અમેરિકા) મંદિરના ૨૧મા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.મોટા મહારાજશ્રી





સ્વીડન (યુ.કે.) મંદિરના ૩૫ મા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા અને અભિષેક કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર



વર્ષ - ૨૦ (મૂળ વર્ષ ૫૯) ● સળંગ અંક : ૨૩૦ ● સપ્ટેમ્બર-૨૦૨૬

અ નુ ક્ર મ ણિ કા

૦૧. અસ્મદીયમ્ ૦૪

૦૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૦૫

૦૩. શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના મુખેથી અમૃતવચનો ૦૬

૦૪. જઈ ધોળકે ધર્મકુમાર ૧૦

૦૫. અયોધ્યાપ્રસાદજી મહારાજમાં શ્રીકૃષ્ણ ભગવાનના દર્શન ૧૩

૦૬. આપણા આચાર્યશ્રીની લાલ પાઘ ૧૪

૦૭. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી ૧૭

૦૮. ભક્તિસુધા ૧૮

૦૯. સત્સંગ સમાચાર ૨૨

સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : (૦૭૯) ૨૭૪૮૯૫૯૭
www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)
Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
Mo. : 9313706095
magazine@swaminarayan.in
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : magazine@swaminarayan.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

શ્રી સ્વામિનારાયણ

અસ્મદીયમ્

શ્રીહરિએ શિક્ષાપત્રીમાં ચાતુર્માસના વિશેષ નિયમમાં સત્શાસ્ત્રોનું વાંચન કરવાનું લખ્યું છે. આપણા ઈષ્ટદેવને જે ગમતું હોય તેવું શાસ્ત્ર આપણે વાંચવું અને તેમાં જ આપણું ઈસ્ટ છે. શ્રીહરિએ માન્ય કરેલા શાસ્ત્ર ચારવેદ તથા વ્યાસ સૂત્ર તથા શ્રીમદ્ ભાગવત નામે પુરાણ તથા મહાભારતને વિષે તો શ્રી વિષ્ણુ સહસ્ત્ર નામ તથા શ્રી ભગવદ્ ગીતા તથા વિદૂરજીએ કહેલી જે નીતિ, તથા સ્કંદપુરાણનો જે વિષ્ણુખંડ તેને વિષે રહ્યું એવું જે શ્રી વાસુદેવ માહાત્મ્ય અને ધર્મશાસ્ત્રના મધ્યમાં રહી એવી જે યાજ્ઞવલ્ક્યઋષિની સ્મૃતિ એ જે આઠ સત્શાસ્ત્ર તે અમને ઈસ્ટ છે.

(શિ. શ્લોક ૯૩, ૯૪ અને ૯૫).

શ્રી નરનારાયણદેવ દેશનો સત્સંગ દેશ વિદેશમાં ખૂબજ વિસ્તરી રહ્યો છે. હમણા જ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી અમેરિકાના ધર્મપ્રવાસે પધારેલા.

પ.પૂ. લાલજી મહારાજશ્રી સ્વીડન આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરના ૩૫ મા પાટોત્સવ પ્રસંગે પધારી ત્યાંના સત્સંગને નવપલ્લવિત કર્યો. બોસ્ટન (અમેરિકા - આઈ.એસ.એસ.ઓ.) મંદિરનો ૨૦ મો પાટોત્સવ સમગ્ર ધર્મકુળની નિશ્રામાં ઉજવાયો. છેલ્લા ઘણા સમયથી પ.પૂ. લાલજી મહારાજશ્રી અમેરિકા, યુ.કે. સ્વીડન આદિ દેશોમાં અવાર-નવાર પધારીને ત્યાંની સત્સંગ પ્રવૃત્તિને ખૂબજ વેગ આપી રહ્યા છે. સપ્ટેમ્બરમાં અમેરિકાના કંટકી મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી પધારશે. ત્યાંથી ટોરન્ટો કેનેડાના ખૂબજ અતિ ભવ્ય વિશાળ શિખરબધ્ધ મંદિરના નિર્માણ માટે સત્સંગ સભા કરીને સૌને પ્રેરિત કરશે. આમ આપણી શ્રી નરનારાયણદેવ દેશની દેશ વિદેશમાં સતત અવિરત સત્સંગની પ્રવૃત્તિઓ ધર્મકૂળ દ્વારા થઈ રહી છે. આપણે સૌએ મહારાજે કીધું તેમ અમારા દાખડા સામે જોજો. આપણે આપણું કર્તવ્ય નિભાવવું એ આપણી ફરજ છે. હવે થોડા જ સમયમાં આપણા ધોળકા મંદિરનો ''ત્યોહાર'' આપણી સમક્ષ આવી રહ્યો છે. પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ''ત્યોહાર''ના ઉપલક્ષમાં ધોળકા મંદિરની ૨૦૦ પ્રદક્ષિણા કરવાની ખાસ આજ્ઞા કરી છે. ધોળકા ન જવાય તો આપણા કોઈ નજીકના મંદિરમાં દર્શને જઈ પ્રદક્ષિણાનું નિયમ અવશ્ય કરજો. અસ્તુ.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસના
જયશ્રી સ્વામિનારાયણ



શ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

तवारीज

(ઓગસ્ટ-૨૦૨૬)



૮	પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૨૯ મો પ્રાકટ્યોત્સવ પોતાની નિશ્રામાં અને શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં ધામધૂમથી ઉજવાયો.
૯	એકાદશીના રોજ શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પધાર્યા.
૧૮	શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પધાર્યા.
૨૧ થી ૨૩	શ્રી સ્વામિનારાયણ મંદિર બોસ્ટન (અમેરિકા) ૨૯ મા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૬ થી ૩૦	ટોરન્ટો કેનેડા શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સભા પ્રસંગે પધરામણી.



પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ઓગસ્ટ-૨૦૨૬)

૮	શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની શુભ નિશ્રામાં સંત-હરિભક્તોએ ૨૯ મો પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવ્યો.
૯	શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પધાર્યા.
૧૪ થી ૧૬	સ્વીડન (યુરોપ) શ્રી સ્વામિનારાયણ મંદિરના ૩૫ મા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૧-૨૩	શ્રી સ્વામિનારાયણ મંદિર બોસ્ટન (અમેરિકા) ૨૦ મા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૫-૨૬	મેરીલેન્ડ (અમેરિકા) સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

શ્રી સ્વામિનારાયણ

શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના મુખેથી

અમૃતવચનો

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)







પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૨૯ મા પ્રાકટ્યોત્સવ પ્રસંગે, તા. ૦૮-૦૮-૨૦૨૬

પ.પૂ. મોટા મહારાજશ્રી : આદરણીય સંતો અને વહાલા સત્સંગી બંધુઓ, આજનો દિવસ એ આપણા સૌ માટે એક અત્યંત મહત્વનો દિવસ છે કારણ કે સર્વાવતારી શ્રીહરિએ આપણને લાલજી મહારાજશ્રીની ભેટ આપી છે. અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશની ગાદીની પરંપરામાં અમૂક વસ્તુઓ પાયામાં રહેલી છે. હંમેશા સંતો-હરિભક્તોને સાથે રાખીને એક મેક થઈને જે પણ આચાર્ય હોય એ પ્રવૃત્તિઓ કરતા હોય છે.

આપણો સંપ્રદાય એ મહિમાનો અને આત્મબુદ્ધિનો સંપ્રદાય છે. અમૂક શબ્દો આપણા સંપ્રદાયના વિશેષ શબ્દો છે. **આત્મબુદ્ધિ** શબ્દ વચનામૃતમાં આવે છે. આત્મબુદ્ધિ શું કહેવાય એ સત્સંગી જ જાણે, બીજા ન જાણે. ઘણા બધા એવા શબ્દો છે. **ચેષ્ટા, રાજીપો** એ શબ્દો આપણા સત્સંગીઓ જ જાણે. કોમન વપરાશના એ શબ્દો નથી. સ્કૂલમાં હતો ત્યારે મને રમૂજ સૂઝી એટલે મારી બાજુમાં રહેલા વિદ્યાર્થીને પૂછ્યું, હું ચેષ્ટા કરું છું, તારે કરવી છે ? એને થયું આ ચેષ્ટા વળી શું હશે ? એટલે કહે, ના, ના, મારે નથી કરવી. એટલે આ સાંપ્રદાયિક શબ્દો છે.

દેવ-આચાર્યનું એકાત્મપણું છે. અમને તમારો ખપ છે, તમને અમારો ખપ છે અને આપણને સૌને સામે બેઠા એમનો (દેવનો) ખપ છે. સંતોને આદર એ અમદાવાદ ગાદીની પરંપરામાં પાયામાં રહેલ છે. એક સિમ્પલ દ્રષ્ટાંત આપું. એકવાર આબુમાં પૂ. બાપુજી બિરાજમાન હતા ત્યારે થોડા સંતો મળવા આવેલા. એટલે બાપુજીએ સાથે રહેતા યુ.પી. ના એક નોકરને પૂછ્યું. કોણ આવ્યા છે ? નોકર કહે, સાધુ આવ્યા છે અને એક નાનો સાધુ પણ સાથે છે. બાપુજી ગરમ થઈ ગયા. સંતને તેં તુંકારો કેમ દીધો ? ખખડાવી નાંખ્યો બાપુજીએ એને. ગઈકાલે દીક્ષા લીધી હોય તો પણ સાધુને તુંકારો ન દેવો.

સંત પ્રત્યે આદરની બીજી એક જૂની વાત છે. શા. ચેતનદાસ સ્વામી હતા. બાપુજીને આ જ જગ્યાએ દંડવત્ કરતા હતા ત્યારે બાપુજીએ ઉભા થઈને દંડવત્ કરતા રોક્યા એમને. આ જોયેલી વાત છે. **પરસ્પર પ્રેમ છે એ આપણા સંપ્રદાયનું બંધારણ છે. ગરિમા છે અને એકતાનું રહસ્ય છે.**

આપણો આગામી ઉત્સવ ધોળકાનો આવી રહ્યો છે. લાલજી મહારાજશ્રીએ સમૈયાનું તથા જેતલપુરના ઉત્સવનું નેતૃત્વ સંભાળ્યું. ધોળકાનું પણ સંભાળશે ત્યારે મારુ સૂચન છે કે જેટલી વિશેષ ભજન ભક્તિ થાય એટલો વિશેષ રાજીપો મળે. **તો ત્યોહાર નિમિત્તે સૌ ધોળકા શ્રી મોરલી મનોહરદેવની વિશેષ ૨૦૦ પ્રદિક્ષણા કરજો.**

લાલજી મહારાજશ્રી દેશ વિદેશમાં ખૂબ ઘગશથી, અપેક્ષા કરતા પણ વધારે સારુ કાર્ય કરી રહ્યા છે. આજના દિવસે સંતો-હરિભક્તો ભેગા મળી નરનારાયણદેવને પ્રાર્થના કરજો કે મહારાજ એમને વિશેષ બળ આપે. સંપ્રદાયનો ખૂબ પ્રચાર પ્રસાર કરે. નરનારાયણદેવ ગાદીની ધ્વજા દિગંતમાં ખૂબ લહેરાય એટલું કહીને વિરમું છું.

પ.પૂ. લાલજી મહારાજશ્રી : સૌ પ્રથમ તો દરેક ગામડે ગામડેથી દરેક વિસ્તારથી જે સંતો અને દેશ વિદેશથી જે હરિભક્તો શુભકામના અને આશીર્વાદ પાઠવવા આવ્યા છે એમને ખૂબખૂબ ધન્યવાદ.

દેવની નિષ્ઠા અને દેવ પ્રત્યેનું સમર્પણ એ જ્યાં સુધી જીવનમાં ન આવે ત્યાં સુધી બધો જ કરેલો સત્સંગ, નિયમો, ઉપવાસ કે ભજનભક્તિ એ બધું જ વ્યર્થ છે. અને પોતાની જાતને ભાગ્યશાળી માનું છું કે એ ખુમારી અને એ નિષ્ઠા

મળી હોય તો અહીં બેઠેલા મહારાજશ્રી અને મોટા બાપજી. ત્યાંથી મળી છે.

ખાસ તો ૬ થી ૧૦ જાન્યુ. ૨૦૨૭ મોરલી મનોહર દેવનો **ત્યોહાર** ધામધૂમથી ઉજવવાનો છે. જેની તૈયારી અને પ્લાનીંગ શરૂ થઈ ગયું છે. સાઈટ ઉપર નાનું મોટું કામ વરસાદ પૂરો થશે એટલે શરૂ થઈ જશે. જે રીતે છેલ્લા ૪-૫ વર્ષમાં મોટા મોટા પ્રસંગો થયા એજ રીતે હરિભક્તો અને સંતોએ ભેગા મળી આપણો **ત્યોહાર** પણ ધામધૂમથી ઉજવવાનો છે. આપણે ભાગ્યશાળી છીએ કે **મહારાજે નવ મંદિરો બાંધ્યા તેમાંથી પાંચ મંદિરો આપણા ભાગમાં આવ્યા છે. અમદાવાદ અને ભુજમાં નરનારાયણદેવ, મૂળીમાં રાધાકૃષ્ણદેવ, જેતલપુરમાં રેવતી બળદેવજી મહારાજ અને ધોળકામાં મોરલી મનોહરદેવ, જે સ્વામિનારાયણ ભગવાને પધરાવ્યા છે અને એ આપણને મળ્યા છે જેની અમદાવાદ દેશના હરિભક્તો તરીકે, સંતો તરીકે આપણા બધામાં ગર્વ અને ખુમારી હોવી જોઈએ.**

મોટા બાપજીએ હમણા જાહેરાત કરી એ મુજબ **પોતાના સમયે ધોળકા જઈને મોરલી મનોહરદેવની ૨૦૦ પ્રદક્ષિણા કરવી. જેઓ ના જઈ શકે એમણે પોતાના મંદિરમાં, નજીકના મંદિરમાં ત્યોહાર નિમિત્તે કરવી.** સંતો અને આગેવાન હરિભક્તો સાથે મળીને તૈયારી માટેનું પ્લાનીંગ કરતા હતા ત્યારે બીજો એક વિચાર આવ્યો. જે મુજબ ત્યાંની **ધોળકા વિસ્તારની ૨૦૦ દીકરીઓને એજ્યુકેશન, આજીવન સ્કૂલની ફીજ આ ત્યોહાર નિમિત્તે આપવામાં આવશે.** ગાદીવાળાશ્રી અને શ્રીરાજાની અધ્યક્ષતામાં ઉત્સવ પહેલા ત્યાંના મંદિરમાં જ આ કાર્યક્રમ થશે.

ઘણા સમયથી એક નાનું એવું ઑબ્ઝર્વેશન જોયેલું છે. આરતી પછી, સભા પછી નરનારાયણદેવની, રાધાકૃષ્ણદેવની, રેવતી બળદેવજીની, પંચદેવની જય બોલાતી હોય છે. પણ ઘણી બધી જગ્યાએ હજુ મોરલી મનોહર દેવની જય બોલાતી નથી. તો **આજે આપણે સંકલ્પ કરવાનો છે, ખાલી ઉત્સવ પૂરતું નહી પરંતુ કાયમ પર્યંત એ સંકલ્પ લઈએ કે આપણે મંદિરમાં, ઘરમાં પણ અને વિદેશમાં પણ, મહારાજે જે જે દેવો પધરાવ્યા છે. જે દેવો માન્ય છે તેની સાથે સાથે મોરલી મનોહરદેવની પણ જય બોલાવવી. કારણ કે ભગવાને જે દેવ પધરાવ્યા એનું ગર્વ તો આપણને હોવું જ જોઈએ. સંતો, હરિભક્તો આપણી બધાની જવાબદારી છે કે મૂળ સંપ્રદાયની પરંપરા, પ્રણાલિકા અને ઈતિહાસ દરેક લોકો સુધી પહોંચાડીએ.**

પદયાત્રાનું પણ એક આયોજન રાખવામાં આવશે. ત્યોહારના ઉપલક્ષમાં પદયાત્રા દિવાળી પછીના સમયમાં રાખવી છે જે નિમિત્તે મોરલી મનોહરદેવનું દર્શન થાય. ઉત્સવમાં તો ઘણા કાર્યક્રમ થશે. પરંતુ એ પહેલાના આ દરેક કાર્યક્રમમાં સાથ સહકારથી જોડાવા ખાસ વિનંતી. દેશ વિદેશથી ખૂબ મોટી સંખ્યામાં હરિભક્તો આવે અને **ત્યોહાર** ધામધૂમથી ઉજવાય. મોરલી મનોહર દેવનો જયજયકાર થાય એવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના સાથે પુનઃ એકવાર સૌને ધન્યવાદ પાઠવ્યા હતા.

પ.પૂ. મહારાજશ્રી : નરનારાયણદેવના સાંનિધ્યની અંદર, એમના ચરણોમાં આપણે બધા ઉપસ્થિત છીએ. આપણે જુદી ભાતના છીએ. બીજે જન્મ દિવસ જુદી રીતે જુદા જુદા ઉજવાય છે. જોયા છે ને તમે ? **આપણે ભગવાન લક્ષી હોય છે.** વચ્ચે સંતો સાથે વાત થયેલી, કહે તમારો જન્મ દિવસ, મેં કહ્યું, ખોટા વખાણ કરીને ક્યાં સુધી હલાવશો ? જે જીવડા પડ્યા છે મગજમાં, જીવડા ઈન સેન્સ કે જે બુદ્ધિ હોય, જે ગુણ હોય, જે છે એ છે જ ! હું તમારા વખાણ કરું ને તમે મારા વખાણ કરો, મેલોને બાજુમાં, **આપણે ભગવાનનું કામ કરવાનું છે.**

આતમ સ્વામીએ વાત કરીને કે લાલજી મહારાજશ્રી ઘણું કાર્ય કરે છે. એમનું (લાલજી મહારાજશ્રીનું) ઑબ્ઝર્વેશન બહુ પાવર ફુલ છે. મેં લગભગ ૮૦% એમને જ સોંપી દીધું છે. **એમનો ઉત્સાહ હોય જ કારણ કે દેવના દીકરા છે, દેવનું લોહી છે. એમાં પછી ક્યાં જોવાનું હોય ! ભગવાને કંઈક વિચાર કર્યો જ હશે ને ત્યારે જ જન્મ આપ્યો હશે ને ?** એમનું સ્વાસ્થ્ય તો સારું છે, તમારું સારું રાખજો મહંત સ્વામી ! (શા. સ્વામી આત્મપ્રકાશદાસજી, જેતલપુર). તમે એક વાર જીમ (વ્યાયામ શાળા) માં આવ્યા હતા, ફરીથી આવો. અમે તો કલાક ભેગા કસરત કરીએ છીએ. પણ જુઓ, પહેલા કીધું એ પ્રમાણે **જે પણ નિમિત્ત હોય એ નિમિત્તને ભગવાન પરાયણ કરવાની વાત હોય છે.**

લાલજી મહારાજશ્રીએ હમણા મોરલી મનોહરદેવની વાત કરી એ બહુ અગત્યની છે. **મહારાજે આપણને નવ મંદિરો આપ્યા છે, એનું ગર્વ છે. ખાસ કરીને દસમું છપૈયા આપ્યું છે.** કો'ક કહેતું હતું મને કે તમે તો અમદાવાદ દેશ અને નરનારાયણદેવની જ વાત કર્યા

કરો છો. તો જેના રોટલા ખાતા હોઈએ તેની ના કરીએ તો કોની કરવાની ? **જેના રોટલા ખાઈએ છીએ, એનું લોહી દોડે છે. એના લીધે શ્વાસ લઈએ છીએ તો પછી નરનારાયણદેવ અને અમદાવાદ દેશની વાત ન કરીએ તો બીજી જગ્યાએ જઈને આચાર્ય થઈ ગયો હોત. વસ્તુએ છે કે આપણને જેવી દેશદાઝ હોય, પછી એ ભારત પ્રત્યે હોય, એવું મમત્વ, મોટા બાપજીએ કહ્યું એ મુજબ દેવ પ્રત્યે એવું એકાત્મપણું હોય, સંતો-ભક્તો પ્રત્યે પોતાપણું હોય એ ક્યારેય ન જવું જોઈએ.**

ઘણા એવી બીમાર વાતો કરે ને કે કંટાળો આવે. આ નથી ને તે નથી. એમ થાય કે તું બહાર જાતો સારું છે. વચ્ચે આવ્યો હતો એક. કહેતો હતો ! આત્મહત્યા કરી નાંખીશ. મે કીધું, જા ભઈ ! સાબરમતીમાં પાણી છે. પોલીસવાળાને પાછળ મોકલું છું. તને પકડીને કાઢીને જેલમાં પૂરશે. **આવા ભગવાન મળ્યા છે, બધું મળ્યુ છે તોય પાંગળા રહીએ તો એમાં પ્રોબ્લેમ ભગવાનમાં નથી કે સત્સંગમાં નથી. પ્રોબ્લેમ આપણામાં છે. આપણો સત્સંગ હંમેશા ચડતી કળાએ રહ્યો છે. દુબળો પાતળો સત્સંગ થતો હોય એવું મેં તો જોયું નથી. કોઈ દિવસ કો'કના મગજ એટલા દુબળા થયા હોય છે.** વાસુદેવપ્રસાદજી મહારાજશ્રીથી લઈને દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને મોટા બાપજી, દ્વિશતાબ્દીમાં વડીલ સંતો જોડે હતા. **એના પછી કેટલા ઉત્સવ સમૈયા ચાલુને ચાલુ રહ્યા છે. ગામો ગામ કેટલી ઉન્નતિ પ્રગતિ થઈ છે. હરિભક્તોમાં, સંતોમાં કેટલો લાગણી પ્રેમ છે ! તોય અછત લાગે ? આપણી ભગવાનની ખુમારી કોઈ દિવસ ન જાય એની ખાસ તકેદારી રાખવાની છે. જે દેવનો છે એ આપણો છે. જે દેવનો નથી, જે નારાયણ ! આપણે કોઈ માથાકૂટ કરવી નથી પણ અમારે સંબંધેય રાખવો નથી. જે પણ હોય ભગવાનનો હોવો જોઈએ. કોઈપણ ભગવાનનો હોય.**

ખાસ કરીને ગઈ વખતે મિટિંગ કરી હતી ધર્માદા માટે થઈને તો જણાવી દઈએ કે, QR કોડ સોમવારથી ચાલુ થઈ જશે, ખાલી ધર્માદા પેટે. આ જાણ માટે કહ્યું. કારણ કે ઘણીવાર એવું થતું હોય છે. હરિભક્તોમાં કે દર મહિને પગાર આવતો હોય પણ વરસનું ભેગું કરે ને આપવા જાય તો ઘણીવાર વર્ષના અંતે વપરાઈ ગયા હોય એટલે પાછી ઈચ્છા તો હોયજ ધર્માદા પેટે આપવાની, પણ ન આપી શકે તો QR કોડ જુદો કરી નાંખ્યો છે. અત્યારે બધુ આ ડબલામાં (મોબાઈલમાં) જ ચાલે છે, હારું ને ખોટું બધું. પણ **દેવને અર્થે નાનું-મોટું થાય એ મહારાજની આજ્ઞા છે. મારી નથી. અમારે પૈસાની જરૂર નથી કે ભગવાનને પૈસાની જરૂર નથી. આ વસ્તુ આપણા સત્સંગની ઉન્નતિ પ્રગતિ માટે જે જરૂરિયાત હોય છે એના માટે છે.** દેશમાં વિદેશમાં સત્સંગની ઉન્નતિ પ્રગતિ થાય છે એ તમે રૂપિયા પેટીમાં નાંખો એમાંથી થાય છે. અમને સંતોષ છે, આનંદ છે. માગી માગીને કરવાનું શું ? **ભેગા કરીને સોનું ચાંદી લઈને પછી એના ઉપર બેસાતું સૂવાતું નથી. એવું કરે તો એરૂં (સાપ) થાય !**

આ જમાનામાં જેટલું આપણને પ્રાપ્ત થયું છે એટલું કોઈને પ્રાપ્ત થયું નથી. **દેવ પાસે જે આવે છે એ દેવ માટે વપરાય. હરિભક્તોની સુવિધા માટે ઉપયોગમાં આવે એજ લક્ષ અને ધ્યેય છે.** લાલજી મહારાજશ્રીએ હમણા વાત કરી એ મુજબ દીકરીઓ માટે શિક્ષણ અર્થે હોય કે બીજા કોઈ પણ સત્કાર્ય થતા હોય, તમે જુઓ છો, આપણે એટલા બધા યજમાન કરતા નથી મોટા ભાગે કે ઉછવણી થતી નથી. End of the day **ભગવાનની કૃપા છે. આપણે દુબળા કે ગરીબ નથી. ભગવાન જેવા ભગવાન મળ્યા છે ત્યારે આપણાથી પૈસાદાર કે ધનવાન દુનિયામાં બીજા કોઈ નથી. આપણાથી કોઈ મોટો નથી, એની ખુમારી રાખવાની છે.**

ગર્વથી એક બાપ તરીકે કહી શકું, મોટા બાપજી જોઈ રહ્યા છે, હું તો અમૂક સાઈડ લાઈન કરીને જીમમાં જઉં છું. પણ **એમને (લાલજી મહારાજશ્રીને) ભગવાને જે ગુણ આપ્યા છે, એનો ઉપયોગ એ સંપ્રદાય માટે કરી રહ્યા છે અને કાયમી કરતા રહેવાના છે. એમાંથી પણ શીખવાનું છે.** વડીલો આવે છે. તમારા દીકરાઓમાં આ વસ્તુ આગળ વધારવાની છે ને ? સાત પેઢીથી જોતા આવ્યા છો, આઠ પેઢીથી જોતા આવ્યા છો તો તમારી ત્રણ પેઢી દેખાડો અમને ! **સમજવાની વસ્તુ છે, બહુ જવાબદારીની વસ્તુ છે. વાતાવરણ આપવાની વસ્તુ છે. હમણા વાત થઈને કે આ પદ છે ને બહુ અઘરુ છે. ત્યાગને બલિદાન આમાં આવે છે પણ એના માટે વાતાવરણ આપવું પડે છે. મોટા બાપજી કહેતા હોય છે, ફેન્ટમની જેમ લીનેજ હોય છે ને એમ તૈયાર કરવાનું હોય છે. ફેન્ટમથી પણ વિશેષ, ભગવાનના દીકરા તરીકે ભગવાનનું કાર્ય કરે છે.** એટલે મારે બીજું કંઈ નથી કહેવાનું પણ **દીકરા દીકરીઓને સત્સંગના ગુણ આવે એવું ગૃહસ્થના ઘરમાં વાતાવરણ હોવું જોઈએ.** એ વાતાવરણ હશે તો આપણો

કરેલો સત્સંગ અને આપણા વડવાઓએ બે-ચાર કે છ પેઢી પહેલા સત્સંગ કરીને જે મંદિરો કર્યા એ ત્યારે જ ઉગશે જ્યારે સત્સંગના સંસ્કારો આપણા દીકરા-દીકરીઓમાં ને એના દીકરા-દીકરીઓમાં આવશે. એના માટે નરનારાયણદેવની કૃપાથી આપણી પાસે બધું છે પણ પુરુષ પ્રયત્ન કરવો પડે એ તો હકીકત છે.

મોરલી મનોહર દેવની નાની-મોટી પ્રવૃત્તિ કરવાની છે. લાલજી મહારાજશ્રીને મેં કહ્યું, અમે બે જઈશું, ગણતરીના લોકોને કહીશું. બહુ ભીડ થાય તો ઠેબે ચડી જવાય આપણે એટલે એવું આપણે નથી કરવાનું. પણ બાપજીએ કહ્યું એમ ભગવાનનું ભજન કરવાનું છે. ભજન થાય એટલું હારું. **ભગત તમે માળા ફેરવો છો, હાંભળો છો મને, બરોબર ? માળાનો કોઈ હાંધો જ નથી.** આપણે મોદ પર બેઠા હોઈએ કે ધરોની લોનમાં બેઠા હોઈએ, હાથમાં માળા ન હોય તો હાથ ને આમ આમ હલાવીને નીચે ખાડો પાડી નાખીએ. મહંત સ્વામી તમારી જેવા હોય તો ખાડો જ પડી નાખે, ખોતરી જ નાખે. આમ પગ હલ્યા જ કરે. ફેરવવાની માળા, ખૂબ ફેરવવાની સભામાં બેઠા હોઈએ કે કથામાં બેઠા હોઈએ, માળા ફેરવવી એ આપણા લક્ષણ છે કારણ એ છે કે હાથ આઘો પાછો ન થાય, નહી તો એવું થાય કે **જો હાંભળ, જો હાંભળ, તારા માટે કહે છે. માળા ફેરવીએ તો એમ થાય કે આપણા માટે કહે છે.** હાંચી વાતને નારણ સ્વામી ? વડીલ સંતો પાસે એમને એમ દા'ડા કાઢ્યા છે ? ૫૫ થયા.

પણ આ તો હકીકતમાં ઉપરથી આવેલા સંસ્કારો છે. મોટા બાપજી પાસે બેસી બેસીને સાંભળ્યું છે અને લાલજી મહારાજશ્રીએ પણ સાંભળ્યું છે. ગ્રહણ કરવાની વાત છે.આ માહોલમાં સંસ્કારો, સંપ્રદાયના જે ગુણો છે અને આપણા શાસ્ત્રોમાં જે લખ્યું છે એ સાહજીક રીતે આવી જાય છે, સામે જ પડ્યું હોય, રોજ સાંભળતા હોઈએ છીએ. ઈતિહાસ કેવી રીતે ઉભો થયો છે એ ઈતિહાસને જાણવો, વાગોળવો નહી. વાગોળીએ તો સમજી લેવું કે ગઢા થઈ ગયા પણ ઈતિહાસ ભૂલવો નહી. **વડવાઓએ શું કર્યું એ યાદ રહેશે, પેટ ઉપર પાટા બાંધીને રોટલા બે ખવડાવ્યા, સત્સંગ આપ્યો એટલું જો યાદ રહેશે તો તિલક ચાંદલો જશે નહી, કંઠી છૂટશે નહી.** એવી રીતે સંતોમાં, તમારા વડીલ ગુરુ હોય, દાદા ગુરુ હોય તેઓએ સત્સંગ માટે બલિદાન આપ્યું એ પરંપરા જાળવી રાખવાની છે. ઈતિહાસને ભૂલવાનો નથી પણ જો વાગોળીએ કે પહેલા તો આમ હતું ને તેમ હતું, પહેલા તો ઘોડાગાડીમાં આવતા હતા. તો આવો ઘોડા ગાડીમાં ! એટલે **સમયાંતરે જે હોય એ બધુ સારું છે.**

આજના દિવસે એવી પ્રાર્થના કરીએ કે, ભગવાન ખૂબ રૂડા આશીર્વાદ આપે, સત્સંગની ખૂબ ઉન્નતિ પ્રગતિ કરવાની સદ્‌બુદ્ધિ આપે અને બળ આપે આપણને સૌને, એવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

SHREE SWAMINARAYAN TEMPLE - KALUPUR

Information for foregin donation towards Shree Narnarayan Mandir Trust for all Satsangi, who are belongs to abroad (out side India) remit their donation to Shree Narnarayan Mandir Trust, Kalupur, Ahmedabad. Only in Our FCRA A/c. Details as under.

BANK NAME	:	**STATE BANK OF INDIA**
BRANCH	:	**FCRA CELL, MAIN BRANCH, SANSAD MARG, NEW DELHI-110001**
BENEFICIARY NAME	:	**SHREE NARNARAYAN MANDIR TRUST**
SAVING BANK A/C. NO.	:	**401 890 15898**
IFS CODE	:	**SBIN0000691**
SWIFT CODE	:	**SBININBB104**
BENEFICIARY ADDREES	:	**SHREE SWAMINARAYAN TEMPLE, KALUPUR, AHMEDABAD, GUJARAT, INDIA**

Special instruction for remittance made through NRE Cheque in Indian Rs.-

If any donation route from abroad to NRE A/c in India (of Donor), please donate with your cheque along with copy of passport of related donor, Only afterwards their donation will be credited in above mentioned A/c only.



જઈ ધોળકે ધર્મકુમાર

- શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી (ગાંધીનગર)

ગુર્જર આર્યાવર્તમાં વૈરાટનગરી શોભી રહી છે. એ યુગ હતો કે જ્યારે વર્તમાનની ધોળકાનગરી ''વિરાટ'' એ નામે દિગંતોમાં પ્રસિદ્ધ હતી. ચારે બાજુ વિવિધ વૃક્ષોથી મંડિત એવી વિરાટનગરી વધારે પ્રસિદ્ધ તો ત્યારે થઈ કે જ્યારે ભગવાન વ્યાસે મહાભારતમાં વિરાટનગરીનો ઉલ્લેખ કર્યો.

ચૌદ વર્ષ વનવાસ પામેલા પાંડવોએ આ નગરીમાં જ ગુપ્તવાસ લીધો હતો ને વૈરાટનગરમાં વિરાટરાજાને ત્યાં પાંચ પાંડવો જુદા જુદા કાર્યો સંભાળીને ગુપ્તવાસ કરી રહ્યા હતા, અને પોતાના શસ્ત્રો પણ અહીં જ સંતાડેલા. વિરાટ પુત્રી ઉત્તરાને નૃત્ય શીખવ્યું,કીચકવધ વગેરેની ઐતિહાસિક સ્મૃતિ આપતી પાંડવોની શાળા આજે પણ આ નગરીને શોભાવી રહી છે.

વૈરાટનગરી પછી હાલની ધોળકાનગરી પંડિતોની નગરી પણ મનાઈ છે. જેનો પુરાવો આપણા સંપ્રદાયનું સાહિત્ય છે.

કાળ કાળનું કામ કર્યે જાય છે. જે સ્થળે પહેલાં ઉત્તરાનું વિદ્યામંદિર હતું એ સ્થળે અત્યારે લાલધજાને બદલે લીલી ધજા ફરકે છે. એ જ પાંડવોની શાળામાં અત્યારે મસ્જીદ છે ! જ્યાં વેદના મંત્રો વાતાવરણને દિવ્ય અને પવિત્ર બનાવતા હતા ત્યાં આજે વેદઘોષને બદલે કુરાનના કલમાઓ પઢાય છે. છતાં આ ધવલનગરીમાં વેદવિધા સંપૂર્ણ નાશ નહતી પામી. ગમે તેમ તોય ભાંગ્યુ ભાંગ્યું તોય ભરૂચ. હજુ પણ કંઈ કેટલાય વિધા વાચસ્પતિઓ, સરસ્વતીને મુખકમળમાં ધારનારાઓ આ નગરીમાં હયાત હતા. વેદવેદાંત, વ્યાકરણ, જ્યોતિષ વગેરેના પારને પામેલા કેટલાય પંડિતો આ નગરીને દીપાવી રહ્યાં હતા.

એજ આજથી બસો વર્ષ પહેલાંનો સમય હતો કે જ્યારે આખા ગુર્જર પંથકમાં નિગમાગમના પાર ને પામેલા, વિદ્વતા અને વિજયના, શ્રી અને સરસ્વતીને વરેલા કાશીનાથ પંડિત મંદિરમાં આવીને નિવાસ કરતાં. બીજા કેટલાય દૂર સુદૂરના વિધાના ઉપાસકો આ કાશીનાથ પંડિતનું બારણું ખખડાવતા. વહેલી સવારના સમયમાં બોલાતા વેદમંત્રોથી વાતાવરણ પરમ દિવ્ય બની જતું. જેનો ઘોષ સાંભળીને રસ્તે આવતા જતા પથિકો બે ઘડી થોભી જતાં અને વેદઘોષનો આસ્વાદ માણતા. એમાંય પોપટો જેવાં પક્ષીઓ તો તાલબધ્ધ ઉચ્ચારાતા વેદમંત્રોની સાથે સાથે માથું ડોલાવીને તાલ પુરાવતા. ટૂંકમાં, આ પંડિતજી અર્થશાસ્ત્ર, વેદ-વેદાંગ, ધર્મશાસ્ત્ર અને ઉપનિષદોમાં પોતાની અદ્વિતીય છાપ ઉપસાવતાં હતા. માટે જ ધોળકા પંડિતોની નગરી તરીકે ખૂબ જાણીતી હતી.

આ કાશીનાથ પંડિતનું રળિયામણું ઘર, નાનકડો ચોક અને એક બાજુ કૂવો આવેલો છે. વિવિધ ફુલ છોડથી લચીપડતો બગીચો અને ગૌશાળા વગેરેથી વાતાવરણ ઋષિમુનિના શાંત આશ્રમ જેવું દીસતું હતું. પણ એ શાંતિ એક દિવસ ગોઝારી પળમાં હણાઈ ગઈ. પંડિતજીનો એક નાનો વહાલસોયો અને સુંદર પુત્ર હતો. જાણે વિદ્વતાના ફળરૂપે સરસ્વતીએ જ પુત્ર આપ્યો હોય એવું એનું રૂપ પ્રતિભા હતી. આ પુત્ર એક દિવસ રમતાં રમતાં એક ગોઝારી ક્ષણમાં પાણીના ટાંકામાં પડી ગયો અને મૃત્યુને

શરણે થયો. થોડીવાર પછી એમની માતા ઘરના કામકાજથી પરવારીને પુત્રને શોધે છે. પાણીના ટાંકામાં નજર કરી તો એમની આંખો ફાટી ગઈ ! હા પુત્ર !! મોહવિવશ બનેલી માતા પણ એ કાળ સ્વરૂપ ટાંકામાં ઝંપલાવી દે છે. આ બધું જોઈને, શૂન્ય અને ભેંકાર ભાસતા ઘરમાં પંડિતજી પણ ઝાઝું ટકી શક્યા નહી. પોતાના પાંડિત્યને તેઓ ભૂલી ગયા અને મોહપાશમાં ઝકડાયેલા તેઓ પણ પાણીના ટાંકામાં પોતાની દેહદ્રષ્ટિને હોમી દે છે. આ પ્રમાણે ત્રણે જણા આત્મહત્યા કરીને મરણ પામ્યાં.

આ ત્રણેય ગૃહવાસનાને લીધે કાશીનાથ પંડિત બ્રહ્મ રાક્ષસની ગતિની પામ્યા. પોતાના મકાનમાં આવનાર કોઈને એ રહેવા ન દે, અને ઘરમાં આવનારો કોઈ મનુષ્ય ત્યાંથી જીવતો પાછો જઈ શકતો નહિ.આવી પરિસ્થિતિમાં એ મકાન ધોળકામાં ભૂતિયા મકાન તરીકે જાહેર થયું. હવે આ તરફ આવનાર સૌના કાળજાં ફફડતાં. વેરાન અને સ્મશાન જેવું ભેંકાર દેખાતું. એ ઘરમાં હજુ પણ દૂરના પ્રાંતોમાંથી ક્યારેક કોઈ વિદ્યાર્થી આવતા એ બધાને આ બ્રહ્મરાક્ષસ ભરખી જતો. આવાં તો કેટલાય ભૂતોની ટોળી એ મકાનમાં ભેળી થયેલી. કંઈ કેટલાય નિર્દોષ અને આશાવંત કુમારો આ વિદ્યાશાળામાં મૃત્યુને શરણે થયાં.

જ્યાં વેદમંત્રોના દિવ્યઘોષ સંભળાતા હતા ત્યાં આજે ભૂતાવળના ડાકલાં સંભળાવાં લાગ્યાં. હવે આ ઉજજડ સ્થાનમાં કોઈ ડોકાતુંય નથી.

પરંતુ એક સમય આવ્યો કે જ્યારે આ સ્થાનના ઉદ્ધારક આવી પુગ્યાં. સ્વામિનારાયણ મંત્રના સાચા ઉપાસક અને બળવાળા સંત શ્રી ગોપાળાનંદ સ્વામી ૫૦ સંતો સાથે ફરતા ફરતા આ વિટારનગરીમાં આવ્યા. ગામમાં કોઈને ઉતારાનું પૂછ્યું. કોઈ અખતર ડાહ્યા માણસે જાણી જોઈને પેલું બ્રહ્મરાક્ષસવાળું મકાન બતાવતા કહ્યું, મા'રાજ ! પેલું ઘરછેને બિલકુલ ખાલી છે કોઈ રે'તું નથી. તમતમારે સુખેથી ઉતરો. થેલીઓ ભરાવો. શ્રીહરિના સંતો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ બોલતા ડેલી ભણી ચાલ્યા અને બારણું ઉઘાડીને અંદર પેઠા. એક ઓસરીને હારબંધ ઓરડા જોઈને ગોપાળાનંદ સ્વામી પ્રસન્ન થયા, અને બોલી ઉઠ્યા-વાહ ! જેવી જોઈએ એવીજ એકાંતની જગ્યા મળી છે. સંતો ! કચરો સાફ કરી નાંખો. સાધુઓ કોઈ વાળવા, કોઈ સાફસૂફ કરવા,કોઈ દિવેલ માગી દીવો પ્રગટાવવા સબોસબ મંડી પડ્યા. તુંબડા ને ઝોળીઓ ખીટીએ ભેરવી દીધી. સાંજે, સ્વામિનારાયણ નામની ધૂનની રમઝટ બોલી. સાયંકાળનો વિધિ પૂર્ણ થયો. સંતો ભૂખ્યા-દુ:ખ્યા, થાક્યા-પાક્યા જ ત્યાં પડ્યા રહ્યા, કારણ કે ગામમાં એ વખતે એકે સત્સંગીનું ઘર નહતું.

મધ્યરાત્રીના બાર વાગ્યાનો સમય છે. ગોપાળાનંદજી સંતોને ભણાવી રહ્યા છે. એ જ વખતે મૂર્તિમાન બ્રહ્મરાક્ષસ પ્રગટ થયો અને ઉપરથી ઝાડની ડાળીઓ તોડીતોડીને સંતો ઉપર નાંખવા લાગ્યો. સ્વામી કહે છે અલ્યા એ મૂરખ ! શું કરે છે ? હજુ તને ભાન નથી. મોટા પંડિત થઈને તને આ શોભે છે ? સેંકડોને ભરખ્યા પછી હજુ પણ તને સંતોષ નથી ? હવે તો તું સુધર - ક્યાં સુધી આમ પાપના કીચડમાં પડ્યો રહીશ ? એમાંય આવા સંતોનો દ્રોહ કરીને તું ક્યારે છૂટીશ. સ્વામીની સ્પષ્ટ છતાં મૃદુવાણી સાંભળીને પેલા બ્રહ્મરાક્ષસને પસ્તાવો થવા લાગ્યો. એ ધ્રુસકેને ધ્રુસકે રડવા લાગ્યો. સંત હૃદયની ઊંડી લાગણીને એ સમજી ગયો અને બોલ્યો હે સંતો ! મારો ઉધ્ધાર કરો. હું પાપી છું. મારી કોઈ ગતિ નથી. દયાળુ સ્વામી વદ્યા કે જો ભાઈ, ચિંતા ન કરીશ. જો તમારો ઉધ્ધાર કરવો હોય તો અત્યારે પ્રગટ પુરૂષોત્તમ સ્વામિનારાયણ ભગવાન આ ધરતી ઉપર બિરાજે છે તમે એમની એક સેવા બજાવો. અત્યારે ગઢપુર મંદિરના પાયા ખોદાયા છે તો તમે બધા જ ભૂતો ત્યાં જઈને ઉન્નત્ત ગંગામાંથી પથ્થરો ઉપાડીને મંદિરના પાયા પૂરવાની સેવા કરો. સેવાથી જ તમારો ઉધ્ધાર થશે.

સ્વામીના આશીર્વાદ અને આજ્ઞા સાથે આ બ્રહ્મરાક્ષસ ભૂતમંડળી સાથે ગઢડા આવ્યો. આવી ભવ્ય સેવાનો લાભ દેવોને પણ મળતો નથી. સ્વામિનારાયણનું સ્મરણ કરવાથી એમનું પાપ પશ્ચાતાપના વારિરૂપે આંખોમાંથી વહી ગયું. ''सेवा मुक्तिश्च गम्यताम्'' એ સૂત્રને સાંગોપાંગ જીવન સાથે વણી લીધું. ઉન્મત ગંગાના

મોટામોટા પથ્થરો લાવીને આ બ્રહ્મરાક્ષસ અને બીજી ભૂતાવળે પાયા પૂરવાની સુંદર સેવા બજાવી. સ્વામિનારાયણના સ્મરણ સાથે કરેલી સેવાનું કેવું ફળ મળ્યું!

"સહજાનંદ એ નામ સાંભળી રે,
જાય પાપ પૂરવના બળી રે,
સુણી સ્વામિનારાયણ નામ રે,
સર્યા કંઈક જીવના કામ રે."
કાને એ નામની ભણક પડી રે,
તેને અક્ષરપોળ ઉઘડી રે."

આમ, બ્રહ્મરાક્ષસ અને બીજા ૩૦૦ જેટલા ભૂતો સદ્‌ગતિને પામ્યા. કેવી સેવા! કેવો મોક્ષ! (જે જગ્યાએ આ બ્રહ્મરાક્ષસનો ઉધ્ધાર કર્યો એ સ્થળ મંદિરના ચોકમાં જ છે જ્યાં છત્રી છે અને હનુમાનજી પધરાવેલા છે.)

જે ધરણી ઉપર સંતોના પગલાં પડ્યા હોય એ ધરણી ઉપર શ્રીહરિને પણ જરૂર આવવું પડે છે. "જ્યાં સંત ત્યાં શ્રીહરિ." જે નગરમાં કોઈ સામુ નહતું જોતુ, ઈર્ષા કરતા હતા. એજ માણસોને હવે સંતોનો અને શ્રીહરિનો ગુણ આવ્યો છે. વાહ! આવા મહાન સંત! બ્રહ્મરાક્ષસનો કેવો ઉધ્ધાર કર્યો! બધા પગે લાગવા મંડ્યા. જમવાનું સીધું સામાન અને સાર સંભાર લેવા લાગ્યાં. આવા સંતોના પ્રતાપે ધોળકામાં સત્સંગ થયો.

અને પરબ્રહ્મ પરમાત્મા સ્વામિનારાયણ ભગવાન આ નગરને વધારે પાવન બનાવવા, ભક્તજનોને પરમાનંદ આપવા માટે, ધોળકાની ભૂમિ ઉપર પદાર્પણ કર્યું. પરમાત્માના ચરણોથી પાવન બનેલી નદી આજે લોક પૂજ્ય અને લોકવંદ્ય બનીને અદ્યાપિ ગંગારૂપે વહે છે તો એજ પરમાત્માના ચરણોથી ધોળકાનગરી આજે તીર્થધામ બની ગઈ. ગામમાં રેવાશંકરભાઈ ચુસ્ત સત્સંગી હતા. એ પ્રભુની સેવા કરવા લાગ્યા. પ્રભુ ત્યાં રોકાયા. રેવાશંકરભાઈ તક જોઈને ભગવાનને વિનંતી કરે છે હે મહારાજ! આ નગરમાં જો એક ભવ્ય મંદિર બને તો અહી સત્સંગ ખૂબ વધે એવો છે. ભગવાન ભક્તની ઈચ્છા પૂરી કરવા માટે પૂર્ણાનંદ સ્વામીને આજ્ઞા કરે છે કે સ્વામી! તમે ધોળકામાં વિશાળ મંદિર બનાવો અને રેવાશંકરભાઈ તથા સર્વે ભક્તોની ઈચ્છા પૂરી કરો.

સુંદર શિલ્પ કામવાળું, એક શિખરવાળું ગંગનચુંબી મંદિર તૈયાર થયા પછી પરમાત્મા શ્રીહરિએ મોટી ધામધૂમથી સંવત ૧૮૮૩ના વૈશાખ વદ-૫ (પાંચમ)ના પ્રતિષ્ઠા મહોત્સવ કર્યો. સ્વહસ્તે મોરલીમનોહરદેવને મુખ્ય દેરામાં પધરાવીને શ્રીહરિએ સ્વંય આરતી ઉતારી - ત્યારે સ્વામિનારાયણ નામનો જયજયકાર ઘોષ સર્વત્ર વ્યાપી ગયો. એ વાતને નિષ્કુળાનંદ સ્વામીએ નિષ્કુળાનંદ કાવ્યમાં કેવી ગુંથી લીધી -

"વળી ધોળકે મંદિર કરાવી રે,
તેમાં મૂર્તિ સારી પધરાવી રે,
એવો કરીયો એહ ઉપાય રે,
જેણે કરી જન સુખી થાય રે."
"મોરલી મનોહર હરિકૃષ્ણ રે,
પોતે શ્રીજી થઈ અતિ પ્રસન્ન રે,
જીવ અનંત ઉદ્ધારવા કાજ રે,
આવ્યા ત્યાં ઘણીવાર લઈ સમાજ રે."

સજ્જનો! આજે ધોળકામાં જે સુભવ્ય મંદિર છે જેના આપણે દર્શન કરીએ છીએ તેની પૂર્વકથા આપણે વાંચી. શ્રીજી સંસ્થાપિત નવ મંદિરોમાં ધોળકાનું સ્થાન બહુ આદરણીય રહ્યું છે. જેને આગામી તા. ૬-૧-૨૦૨૭ થી તા. ૧૦-૧-૨૦૨૭ ના શ્રીહરિએ પ્રસ્થાપિત દેવોના ૨૦૦ વર્ષ પૂર્ણ થાય છે. આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ આપણા ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં "ત્યોહાર" મહામહોત્સવ ઉજવવાની ભવ્ય આયોજનની પૂર્વ તૈયારી ચાલી રહી છે. તો સમસ્ત સત્સંગ સમાજ આ ઉત્સવમાં તન, મન અને ધનથી સેવાના કાર્યમાં લાગી જશો. આ ધોળકાના દેવ મહાપ્રતાપી છે. સૌના શુભ મનોરથ સંકલ્પ સિધ્ધ કરે છે.

નળકાંઠાં વિસ્તારનું પાટનગર એટલે ધોળકા છે. નળકાંઠાંના તમામ ભક્તો આજે ધોળકામાં આવે છે. ઉત્સવો, પારાયણો, પાટોત્સવો કરાવે છે. જ્યાં કાયમ સંતોનો નિવાસ છે. મુમુક્ષુઓને ધોળકાનું સ્મરણ પણ ધન્યભાગી બનાવે છે.

અયોધ્યાપ્રસાદજી મહારાજમાં શ્રીકૃષ્ણ ભગવાનના દર્શન

- જે.પી. સ્વામી (કોઠારી સ્વામી કાલુપુર મંદિર)



એક વખત અયોધ્યાપ્રસાદજી મહારાજને વૃંદાવન જવાનું થયું. ત્યાં તેમને મથુરા નામનો એક ચૌબા બ્રાહ્મણ મળ્યો. તેની સાથે બીજા ચૌબા પણ હતા. અયોધ્યાપ્રસાદજીને જોતાં બીજા ચૌબાઓને તો કોઈ અસર ન થઈ પણ મથુરાને આચાર્ય મહારાજશ્રીમાં શ્રીકૃષ્ણ ભગવાનના દર્શન થયા. સાક્ષાત્ શ્રીકૃષ્ણ સામે ઉભેલા હોય તેવો ભાસ થતાં પોતાના સાથીઓ સાંભળે તેમ ઉંચા સાદે તેણે કહ્યું, 'અરે ! જુઓ તો ખરા, શ્રીકૃષ્ણ પરમાત્મા આપણી સામે આવી રહ્યાં છે.'

મથુરાની વાત સાંભળીને તેના સાથીઓ આશ્ચર્યથી આજુબાજુ જોવા લાગ્યા. તેમણે આચાર્ય મહારાજને સામેથી આવતા જોયા પણ શ્રીકૃષ્ણ ભગવાન તેમને કયાંય દેખાયા નહીં.

'અરે જુઓ શું છો ? કુંજ વિહારીના દર્શન તો કરો.' મથુરા એક જ વાત રટે જતો હતો.

'અરે મથુરા !' એક ચૌબાએ કહ્યું, 'તારૂ ખસી તો નથી ગયું ને ? કયાં રહ્યા શ્રીકૃષ્ણ ? તું કોના દર્શન કરવાની વાત કરે છે ?'

'અરે મૂરખાઓ !' મથુરા બોલ્યો, 'આ સામે તો આવી રહ્યા છે !' તે આચાર્ય મહારાજ તરફ આંગળી ચીંધીને બોલ્યો.

'અરે એ તો સ્વામિનારાયણના આચાર્ય છે.' બીજા ચૌબાએ કહ્યું.

'ના, ના, મથુરા બરાડી ઉઠ્યો. 'તમારી અક્કલ કામ કરતી જણાતી નથી. જુઓ આંખો ખોલીને જુઓ. કુંજ બિહારી મુરલીધર મારી સામે જોઈ મરક મરક હસી રહ્યા છે. અરે નસીબના વાંકાઓ ! તમને પ્રભુ કેમ દેખાતા નથી ? તમે એના દર્શન કેમ કરતા નથી ?'

આચાર્ય મહારાજમાં શ્રીકૃષ્ણ ભગવાનના દર્શન કરીને મથુરા ચૌબા ગાંડો ગાંડો થઈ જતો હતો અને તેના મિત્રો નવાઈ પામતાં હતા. આને થયું છે શું ? એવી ચર્ચા કરવા લાગ્યા હતા. કેમ કે એમને આચાર્ય મહારાજ મનુષ્ય સ્વરૂપે જ દેખાતા હતા. તેમને કોઈ વાત સમજમાં ઉતરતી નહોતી. થોડીવાર આ ચર્ચા ચાલી હશે તેટલામાં મહારાજ તેમની સમીપ આવી ગયા.

તેઓ બાજુમાં આવ્યા કે બાકીના ચૌબાઓની પણ અંતરદૃષ્ટિ ખુલી ગઈ. તેમને પણ મહારાજમાં શ્રીકૃષ્ણના દર્શન થવા લાગ્યા. તેમને પણ એવો વિશ્વાસ બેસવા લાગ્યો કે સ્વામિનારાયણના આ આચાર્ય નક્કી સાક્ષાત્ શ્રીકૃષ્ણ જ છે. તે છતાં તેમને બધાને મનોમન એક સરખો એવો વિચાર આવ્યો કે જો આ ખરેખર જ શ્રીકૃષ્ણ હશે અને આપણને ખોટો ભ્રમ થતો નહી હોય તો આપણને મનગમતા પાકા સિધા આચાર્ય મહારાજ તરફથી હમણાં જ મળશે. જો આપણો આ સંકલ્પ સિદ્ધ થાય તો પછી આચાર્ય શ્રીકૃષ્ણ હોવા વિશે આપણને કોઈ શંકા ન રહે.


એક સરખો આવો જ વિચાર બધાને આવ્યો હતો. પરંતુ કોઈએ પરસ્પર એકબીજાને આ અંગે કંઈ વાત કરી નહતી. છતાં આચાર્ય મહારાજ અંતર્યામીપણે તેમનો સંકલ્પ જાણી ગયા અને તરત કોઠારીને આજ્ઞા કરી કે હમણા જ મોદીની દુકાને જઈ આ બ્રાહ્મણ જેવા માગે તેવા પાકા સિધાં અપાવી દો.'

કોઠારી સાથે નવાઈ પામતા બ્રાહ્મણો સિધાં લઈ આવી ખુશ થતાં મહારાજને દંડવત પ્રણામ કરવા લાગ્યાં. પોતાના મનના સંકલ્પ આ રીતે જાણી લીધો તેની સ્વીકૃતિ પણ તેમણે સામેથી આપી.

મહારાજ વૃંદાવનમાં થોડા દિવસ રોકાયા. બધા મંદિરમાં દર્શન કરી વિદ્વાન બ્રાહ્મણો સાથે કેટલીય સભાઓ કરી. બ્રાહ્મણોને મોટી દક્ષિણા આપી સૌને ખૂબ રાજી કર્યા.

શ્રી સ્વામિનારાયણ

આપણા આચાર્યશ્રીની લાલ પાઘ



- જી. વી. સીતાપરા (અમદાવાદ)

પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદ પ્રેરણાથી

પાઘ શા માટે ? માથે પાઘ પહેરવી એ માત્ર માથું ઢાંકવાનો રિવાજ નથી પરંતુ તે ભારતીય સંસ્કૃતિ અને ખાસ કરીને ગુજરાતના ગૌરવશાળી વારસાનું પ્રતિક છે. પ્રાચીન સમયથી જ પાઘડીને પુરુષના સન્માન, શાન, પ્રતિષ્ઠા અને આબરુંના પ્રતિક સાથે જોડવામાં આવી છે. જુદા જુદા રજવાડાઓના રાજાઓ પ્રાદેશિક રીત રિવાજ મુજબ વિધવિધ પ્રકારની પાઘડી માથા પર પહેરતા. સૌરાષ્ટ્રમાં ગામડાઓના પોલીસ પટેલો અને મુખીઓ આંટાદાર પાઘડી ધારણ કરતા. જે પાઘડી તેઓના મોભાનું પ્રતિક ગણાતી. ખેડૂતો બહારગામ જાય ત્યારે સન્માનના પ્રતિકરૂપ આંટાદાર પાઘડી પહેરીને જતા, એ સિવાયના સમયે સાદું ફાળિયું માથા પર બાંધી રાખતા. પાઘડી કે ફાળિયું અકસ્માતે માથાનું રક્ષણ પણ કરતું.

છપૈયાપુરમાં બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજે સુવાસિનીબા ને કોલ આપેલો કે હે ભાભી ! તમારા કહેવા મુજબ જો અમોને રાજ્ય મળશે અગર મોટાઈ મળશે તો એ સમયે તમારું ઘણું સન્માન કરીને, એ રાજ્ય તમોને આપીને સદાકાળ મારી સમીપે રાખીશ.

સમયાંતરે આ કોલને સત્ય કરવા માટે શ્રીહરિએ વિ.સં. ૧૮૮૨ માં આચાર્ય પદની સ્થાપના કરી અને દેશ વિભાગનો લેખ લખાવી ધર્મવંશી આચાર્યશ્રીને સત્સંગનું રાજ્ય આપ્યું, ત્યાગી-ગૃહી તમામના ગુરુપદે સ્થાપ્યા. બન્ને આચાર્યશ્રીને પોતાના જ આસનમાં બેસારીને મહામૂલ્ય વસ્ત્રાભૂષણ વડે સન્માન કર્યું. તે સમયે આપણા શાસ્ત્રોમાં રાજોપચારના ચિન્હમાં છડી, છત્ર અને ચામરનું વર્ણન આવે છે. **તે સમયે આચાર્ય પદના ગૌરવરૂપે શ્રીહરિએ બન્ને આચાર્યશ્રીના શિર પર ભારે રેટો બંધાવ્યો હતો, લાલ પાઘનું વર્ણન કે ઉલ્લેખ જોવા મળતો નથી. એવી કોઈ શ્રીહરિની આજ્ઞા પણ નથી. શ્રીહરિ સ્વંય અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ રાજાધિરાજ હોવાથી ભક્તજનોના ભાવ પ્રમાણે ભક્તોએ અર્પણ કરેલ માથે મુગટ કે પાઘ ધારણ કરતા.**


ધર્મવંશી આચાર્યશ્રીને શ્રીહરિએ ગૃહસ્થ બનાવ્યા છે. આચાર્યશ્રી જ્યારે સત્સંગ વિચરણ કરતા હોય ત્યારે વર્તમાન કાળે આપણે દર્શન કરીએ છીએ એવો સૌમ્ય પોશાક પહેર્યો હોય છે. ઉત્સવ-સમૈયા પ્રસંગે છડી, છત્ર અમૂલ્ય નંગજડિત સોનાનો હાર, લાલ પાઘ આદિક રાજચિન્હોથી યુક્ત શોભાને ધારણ કરતા દર્શન કરીએ છીએ. લાલ પાઘ તો સત્સંગમાં સદાયને માટે અવિરત ધારણ કરે છે. પોતાના નિવાસ સ્થાને ગૃહસ્થ હોવાના નાતે પોતાની મરજી મુજબના વસ્ત્રો ધારણ કરી શકે છે. જ્યારે કોઈ મોટા રાજકીય મહાનુભાવો કે અમલદારો સાથે પ્રસંગ વડે અથવા પોતાના ગૃહે વિવાહ આદિક મોટા શુભ પ્રસંગે પોતાની મરજી મુજબ શૂટ-બૂટ પહેરી શકે છે. **આચાર્યશ્રીએ બહુવિધ જવાબદારી નિભાવવાની હોવાથી શ્રીહરિએ ત્યાગી સંતો માટે પહેરવેશનો જેવો નિયમ બનાવ્યો છે એવો કોઈ બંધનકારી નિયમ બનાવ્યો નથી. હા, એટલો નિયમ ચોક્કસ છે કે,**

ઘરે એવો વેષ પ્રગટ દરસે પંડિત તણો
ન રાખે તે મેલો રજોગુણ ન રાખે પણ ઘણો

આચાર્યશ્રી પંડિતોના પણ પંડિત છે, બ્રાહ્મણ છે, મોટા ભક્ત છે, શ્રીહરિનું કુળ છે, અપર સ્વરૂપ છે, ત્યાગી-ગૃહીના ગુરુપદે છે. સંપ્રદાયના રાજાધિરાજ છે આ બધા પાસાઓનો વિચાર કરીને અને ખાસ કરીને જ્યારે ત્યાગી સંતો પોતાના ચરણોમાં શિશ નમાવવા આવતા હોય ત્યારે આચાર્યશ્રીએ સ્વચ્છ રજોગુણ રહિત અને સૌમ્ય પહેરવેશ ધારણ કરવાનો હોય છે **અને આજ પર્યંત કરે છે.**

પરંપરાથી શોભાયમાન લાલ પાઘ આચાર્યશ્રીના પ્રતીક સમી બની રહી છે તો આ પાઘનું મૂળ ક્યાંથી છે?

શ્રીજી મહારાજના સમયે રાજા રજવાડાના સમયગાળામાં ખાસ કરીને મહારાષ્ટ્ર રાજ્યમાં બે પ્રકારની લાલ પાઘનું ચલણ વિશેષ હતું. એક બાબાશાહી પાઘ અને બીજી ગોડપાઘ. બાબાસાહી પાઘ મરાઠી રાજવીઓ પહેરતા અને ગોડપાઘ શ્રી ગોડ વિદ્વાન બ્રાહ્મણો પહેરતા. ગુજરાતમાં તેનું એટલું ચલણ નહોતું. **આવી પાઘો ખાસ કરીને મુંબઈમાં રહીને તેના નિષ્ણાંત કારીગરો બનાવતા. વડોદરાના મહારાજા સયાજીરાવ મૂળ મરાઠી હોવાથી ઉપરનો ભાગ તાસળી આકાર હોય એવી લાલ પાઘ ધારણ કરતા જે ગૂગલ સર્ચ કરવાથી જોઈ શકાય છે. અને આપણા શાસ્ત્રોમાં પણ વર્ણન છે કે શ્રીહરિ જ્યારે ઘાટે આચાર્યશ્રીની સાથે વડોદરા પધાર્યા ત્યારે સરકારે મસ્તક ઉપર રાતી કસુંબી ગાયકવાડી સાદી પાઘ પહેરી હતી અને** તેમના બે પુત્રો પૈકી ૧૧ વર્ષના ગણપતરાવે પણ મસ્તક પર ગાયકવાડી પાઘ પહેરી હતી.



આ પધરામણી સમયે બન્ને નવ નિયુક્ત આચાર્યશ્રીએ સાદા સૌમ્ય શ્વેત વસ્ત્રો ધારણ કર્યા હતા. સરકારે દેવ ઘરના વિશાળ મંડપમાં વિશાળ સુવર્ણ સિંહાસન પર શ્રીહરિને બિરાજમાન કર્યા અને તે સિંહાસનની પાસે જમણી બાજુ ગાદી ઉપર શ્રી અયોધ્યાપ્રસાદજી તથા શ્રી રઘુવીરજી એ બે આચાર્યશ્રીને બેસાડ્યા. સરકારે શ્રીહરિનું ભારે જરીયાની પોશાક, અમૂલ્ય રત્નજડિત ઘરેણા તથા મોટા ગજમોતીના અમૂલ્ય હારથી પૂજન કર્યું. **પછી સરકારે અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજી એ બે આચાર્યોની પૂજા પોશાક તથા પોશો ભરીને સોનામહોરો અર્પણ કરી.**

પ.પૂ. મોટા મહારાજશ્રીને પરંપરાગત મળેલી માહિતી મૂજબ મહારાજા સયાજીરાવે જ્યારે બન્ને આચાર્યશ્રીનું છડી, છત્ર, ચામર આદિક રાજોપચાર વડે પૂજન કર્યું ત્યારે પૂજનમાં આચાર્યશ્રીના મસ્તક પર ગાયકવાડી લાલ પાઘ પણ ધારણ કરાવેલી.

સાંપ્રદાયિક શાસ્ત્રો મુજબ સરકારે રાજ્યમાં સર્વ ઠેકાણે સુબાઓ, વહીવટદારો તથા તાબાના સર્વે રાજાઓ ઉપર હુકમ મોકલાવેલો કે સ્વામિનારાયણ મહાપ્રભુ પોતે અમારા મહાલો મથકોમાં જ્યાં જ્યાં પધારે ત્યાં ત્યાં આ જ રીતે તેઓની ભારે શોભા સન્માનથી પધરામણી કરવી અને **આ હુકમનો દાખલો દફ્તરમાં નોંધી રાખવો, જેથી એ મહાપ્રભુની ગાદીના આચાર્યનું તેમની કુળ પરંપરા એ જ પ્રમાણે સન્માન થાય.**

અમદાવાદ ગાદીના આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અતિ વૈરાગ્યવાન અને સદાય આત્મભાવે વર્તતા હોય તેથી કદાચ એ લાલ પાઘ મસ્તક પર ધારણ ન કરતા હોવાથી ફોટામાં સાદી પાઘમાં દર્શન થાય છે. તેમ છતાં એ જમાનામાં એવી પાઘ શેઠના પાઘ તરીકે ઓળખાતી હતી. પ.પૂ. કેશવપ્રસાદજી મહારાજશ્રીની લાલ પાઘ વર્તમાન સમય કરતા થોડી જૂદી અને મોટી જણાય છે તેવી જ રીતે વડતાલ ગાદીની આચાર્ય પરંપરાની પાઘમાં ક્રમશઃ ફેરફાર થતા થતા ત્રીજા આચાર્યશ્રીથી આજના જેવી પાઘ બની ગયેલી જોવા મળે છે. **કારીગરોની પાઘ બનાવવાની કુશળતામાં ક્રમશઃ વધારો થવાથી આજના જેવી માપ વાળી, આકાર વાળી અતિ સૌમ્ય અને સર્વોપરી પાઘ બનવા લાગતા તે મૂળ સંપ્રદાયની**

ગાદીના બન્ને આચાર્યશ્રીના મસ્તક પર એવી શોભવા લાગી કે તે ધર્મવંશી આચાર્યશ્રીના સર્વોપરી પ્રતીક સમી બની રહી. ત્યાં સુધી કે પ.પૂ. મોટા મહારાજશ્રી જ્યારે ગાદી પર બિરાજમાન હતા ત્યારે બહારથી નિવાસસ્થાને પધારે એ સમયે માતુશ્રી પોતાના દીકરાને નહી પરંતુ આચાર્યશ્રીના પ્રતીક સમી લાલ પાઘને વંદન કરતા. લોકોની સમજણમાં પણ આચાર્યશ્રી અને લાલ પાઘનું ઓતપોત પણું અતિ દ્રઢ થઈ ગયું.

પરંતુ સમય સતત પરિવર્તનશીલ હોય છે. એ ન્યાયે સમય આપણી સાથે ચાલતો નથી. અમૂક સંજોગોમાં આપણે સમય સાથે ચાલવુ પડે છે. લાંબા ભવિષ્યકાળ પછી આપણા ભાવિ આચાર્ય મહારાજશ્રીઓના મસ્તક પર આ પ્રકારની વિશિષ્ટ અને વળી પહેરવામાં પણ સરળ એવી લાલ પાઘનું દર્શન આપણી ભાવિ પેઢીને થાય કે ન થાય એ તો ભવિષ્યકાળની વાત છે, જે આપણે નક્કી કરી શકતા નથી પરંતુ સમયના પ્રવાહમાં આવી પાઘ બનાવનાર કુશળ કારીગરોની સંખ્યા સતત ઘટી રહી છે. કારણ કે જે વસ્તુની ડિમાન્ડ બજારમાં બહોળા પ્રમાણમાં ન હોય તેવી વસ્તુનું નિર્માણ સહજ રીતે અટકી જાય તે સ્વાભાવિક છે. જો કે હાલમાં તો આપણા પ.પૂ. મહારાજશ્રી પાસે લાલ પાઘનો પૂરતો સ્ટોક અનામત પડ્યો છે એટલે નજીકના ભવિષ્યમાં કોઈ ચિંતાનું કારણ નથી. **પરંતુ વસ્તુ એટલી છે કે લાલ પાઘ એ શ્રીજી મહારાજે બનાવેલો કોઈ નિયમ નથી કે આજ્ઞા નથી.** એવી પણ એક રીત-રિવાજને આધીન પરંપરા બની ગઈ હતી કે પોતાના પરિવારમાં શોક-દુઃખના પ્રસંગે પ.પૂ. મહારાજશ્રી **લીલી કે બ્લ્યુ કલર**ની પાઘ ધારણ કરતા. જે પ.પૂ. મોટા મહારાજશ્રી સુધી ચાલેલુ. પરંતુ તે કોઈ ધર્મ-નિયમને આધીન નહોતુ. પ.પૂ. લાલજી મહારાજશ્રી માથે સાફો બાંધીને જ બહાર નીકળે એવો કોઈ શાસ્ત્રોક્ત નિયમ નથી. જે આજની યુવા પેઢી સહજ રીતે સ્વીકારે છે અને તેમાં તેઓના હૃદયની વિશાળ ભાવનાનું આપણને દર્શન થાય છે.

આપણા વડવાઓ રીત-રિવાજ મુજબ, પ્રાદેશિક પહેરવેશ મુજબની પાઘડી કે ટોપી પહેરતા. જે વર્તમાન કાળે આપણે પહેરતા નથી અને તેનાથી આપણા ભક્તપણામાં ઓટ પણ આવતી નથી. તેવી જ રીતે ભવિષ્યમાં લાલ પાઘનું જે પણ પરિવર્તન કદાચ થાય તો તેનાથી આચાર્ય પદને કોઈ ઝાંખપ લાગતી નથી.

શ્રીહરિએ આચાર્યશ્રી, સંતો અને હરિભક્તો એમ ત્રણનું ટ્રાયન્ગલ બનાવ્યું છે. સત્સંગમાં સાચા અર્થમાં સૌએ પરિવારની ભાવનાથી રહેવાનું છે. આચાર્યશ્રી સત્સંગના વડા છે. શ્રીજી મહારાજની જગ્યાએ છે. ત્રણેય અંગમાં અરસ પરસ જેટલો સુમેળ અને સંપ હોય તો સિંહાસનમાં બેઠેલા દેવ આપણા સૌના ઉપર વિશેષ રાજી થાય છે. આચાર્યશ્રીના વર્તન કે પહેરવેશ અંગે કંઈપણ સંશય થાય તો સંતો-હરિભક્તો બે હાથ જોડીને નમ્રતાથી અતિ વિવેકી ભાષામાં પૂછી શકે છે. એક જ વખત પૂછવું, વિવાદ ન કરવો એ શિક્ષાપત્રીની આજ્ઞા છે. તેઓશ્રી શિષ્યના સર્વ પ્રકારના સંશય કાપવા માટે હરહંમેશ તત્પર હોય છે. પરંતુ શરત એટલી છે કે તેઓશ્રીની સમક્ષ નિષ્કપટ થવું પડે. અંતમાં,

એક કપટી ન તરે રે, મહારાજ, શરણ આયે સબહી તરે.

- આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ

આપણા વ્રતોત્સવ

ભાદરવા સુદ-૧૧ મંગળવાર તા. ૨૨-૯-૨૬ જલઝીલણી એકાદશી, શ્રી ગણપતિજીનો વિસર્જન વરઘોડો.
ભાદરવા સુદ-૧૨ બુધવાર તા. ૨૩-૯-૨૬ શ્રી વામન જયંતી, બપોરે ૧૨ વાગે આરતી કરી પારણા કરવા.
ભાદરવા સુદ-૧૫ શનિવાર તા. ૨૬-૯-૨૬ મુકુટોત્સવ પૂનમ.
ભાદરવા વદ-૧૧ મંગળવાર તા. ૬-૧૦-૨૬ ઈન્દીરા એકાદશી ઉપવાસ.
ભાદરવા વદ-૩૦ શનિવાર તા. ૧૦-૧૦-૨૬ દર્શ અમાવાસ્યા, અમાસનું શ્રાધ્ધ, સર્વ પિતૃ શ્રાધ્ધ.
આસો સુદ-૨ સોમવાર તા. ૧૨-૧૦-૨૬ શ્રી નરનારાયણદેવ પીઠાધિશ્વર પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ગાદી અભિષેક (સં. ૨૦૬૦ અમદાવાદ), બદ્રીનાથ ધામ શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ (સં. ૨૦૩૭).

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

સર્વે હરિભક્તોની સગવડતા માટે તથા
પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકૂળનાં સંકલ્પથી હવેથી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો નવો સ્થાપના દિન
દર વર્ષે તા ૨૯ માર્ચના દિવસે ઉજવાશે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ અભિષેકની યાદી-ઓગસ્ટ

તા. ૧-૦૮-૨૦૨૬	પ.ભ. વ્યોમેશ જગદીશભાઈ પટેલ - રામનગર નરોડા
તા. ૨-૦૮-૨૦૨૬	પ.ભ. નિક્કી વિષ્ણુભાઈ પટેલ - ગુલાબપુરાવાળા - ચિ. કિસ્વીના જન્મ દિવસ નિમિત્તે
તા. ૧૫-૦૮-૨૦૨૬	શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ - કાલુપુર મંદિર હવેલી - હ. અરૂણાબેન
તા. ૧૬-૦૮-૨૦૨૬	સત્સંગ સમાજ શ્રી સ્વામિનારાયણ મંદિર - હિંમતનગર - હ. મહંત સ્વામી સદ્‌ગુણદાસજી.
તા. ૨૨-૦૮-૨૦૨૬	પ.ભ. પટેલ દિનેશભાઈ પુરુષોત્તમભાઈ - હિંમતનગર
તા. ૨૬-૦૮-૨૦૨૬	પ.ભ. અ.નિ. અનસુયાબેન ઘનશ્યામભાઈ પટેલ - કનીપુર-ગાંધીનગર.
તા. ૨૭-૦૮-૨૦૨૬	પ.ભ. હરેશભાઈ નાનજીભાઈ લીંબાણી - પૂના
તા. ૨૮-૦૮-૨૦૨૬	પ.ભ. અ.નિ. ધીરૂભાઈ હરજીવનદાસ સોની - વાઘોડીયાવાળા - હ. ઘનશ્યામભાઈ, હરિકૃષ્ણભાઈ, હેમંતભાઈ તથા નારાયણભાઈ

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ ભેટની યાદી ઓગસ્ટ-૨૦૨૬

રૂા. ૧,૦૦,૦૦૦/-	શ્રીમતી રંજનબેન કાંતિભાઈ પટેલ - ઓકલેન્ડ-ન્યુઝીલેન્ડ - હ. શ્રી રાકેશભાઈ તથા શ્રી દિપકભાઈ
રૂા. ૫૧,૦૦૦/-	પ.ભ. પરેશકુમાર રમણલાલ પટેલ (કુંડાળવાળા) ૬૧ માં જન્મ દિવસ નિમિત્તે - હાલ અમદાવાદ.
રૂા. ૫૧,૦૦૦/-	પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપાર્થે પ.ભ. પ્રજ્ઞેશ દિનેશભાઈ પટેલ પરિવાર - સરપંચશ્રી અડાલજ.
રૂા. ૫૫,૦૦૦/-	પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપાર્થે હસ્તે - પ.ભ. પ્રવિણભાઈ ડાહ્યાભાઈ પટેલ પરિવાર - ઝુંડાલ.
રૂા. ૫૦,૦૦૦/-	પ.ભ.શ્રી કપીલાબેન ચંદુલાલ પટેલ તથા ગાયત્રી જીગરકુમાર - અમદાવાદ.
રૂા. ૫૦,૦૦૦/-	પ.ભ.અ.નિ. સોની કાંતાબેન ચુનીલાલ દુર્લભજી - હસ્તે શ્રી જયેન્દ્રભાઈ સોની - પલીયડવાળા.

શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.

સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલ:- દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com



ભક્તિસુધા

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી
એકાદશી સત્સંગ-સભા પ્રસંગે
(કાલુપુર મંદિર-હવેલી) "પરમાત્માએ બનાવેલું જગત ન્યાયસ્વરૂપ છે"

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

આપણે ગૃહસ્થ છીએ, ક્યારેક ક્યારેક જવાબદારી પુરી કરતા કરતા કંટાળી જવાય છે. નરનારાયણદેવના દર્શન કરવા જઈએ ને તો ફરિયાદ બહુ જ થઈ જાય છે. ખરાબ પરિસ્થિતિમાંથી પસાર કેમ થવું પડે છે ? આમ કેમ કરવું પડે ? એમ અનેક ફરિયાદ આપણી ચાલતી જ હોય છે. પણ ભગવાન જે કાંઈ કરી રહ્યા છે એ દેખાતું નથી. જેમ આપણે ડૉકટર પાસે જઈએ છીએ અને આપણી તકલીફ રજૂ કરી દઈએ છીએ. પછી આપણા શરીરમાં કોઈ મોટું ઓપરેશન કરવું પડે એમ હોય ને આપણે ટેબલ ઉપર હોઈએ, ઓપરેશન થિયેટરમાં આપણું ઓપરેશન ચાલતું હોય ત્યારે આપણને કાંઈ પણ ખબર હોતી નથી કે ડૉકટર શું કરી રહ્યા છે. કેમ કે આપણે બેભાન અવસ્થામાં હોઈએ છીએ એટલા વિશ્વાસ સાથે ડૉકટરને બધુ સોંપી દઈએ છીએ કે આપણને સાજા કરી દેશે અને ઓપરેશન પછી પણ આપણે પૂછીએ છીએ કે તમે અંદર શું કર્યું ? અને જો ઓપરેશન પહેલા ડૉકટર બતાવી દેશું કરવાના છે. અથવા તો બેભાન ન કરી ને ઓપરેશન જોવાની છૂટ આપે તો ?? કરવા દેશો ?? એવી રીતે ભગવાન પાસે આપણી તકલીફ રજૂ કરી દેવાની, શ્રદ્ધા રાખવાની શું કર્યું ? એમ નહિ પૂછવાનું. આપણને ખરાબ પરિસ્થિતિમાંથી બહાર કાઢવા માટે ભગવાન જે કાંઈ કરી રહ્યા છે તેનો ખ્યાલ આપણને આવતો નથી. ભગવાન નથી ખ્યાલ આવવા દેતા, નહિ તો આપણે ગભરાઈ જઈએ. વિશ્વાસ રાખવો પડે. જ્યારથી પરિસ્થિતિ બગડી અને સારુ થયું એ સમય સુધી અર્થાત્ ઓપરેશન વખતે આપણે બેભાનવસ્થામાં હોઈએ છીએ ત્યારથી સાજા થવા સુધી જેમ ડૉકટર૨ બધુ સરખુ કરી રહ્યા હોય છે એમ ભગવાન બધુ સરખુ કરી રહ્યા હોય છે. **ભગવાન પ્રયત્નશીલ છે જ.** ૧૦૦% આપણી શરણાગતિ હોવી જોઈએ. કર્તા-હર્તા ભગવાન છે. આપણને જન્મ-મૃત્યુ આપનારા છે. આપણા હાથની વાત નથી. આપણને ભગવાને બધુ આપ્યું છે. માટે ચિંતા મૂકીને ભજન-ભક્તિ કરવાની અને શરણાગતિ ૧૦૦% રાખવાનો પ્રયત્ન કરવાનો. શ્રધ્ધા રાખીને આપણું જે કર્તવ્ય છે તે સરસ રીતે પુરુ કરવાનું. **આપણે ગમે તેટલી બુધ્ધિ લગાવીએ તો પણ ભગવાનની કળાને પહોંચી જ ના શકાય.** એટલે બહુ બુદ્ધિ નહિ લગાવવાની. મહાભારતના યુધ્ધ વખતે અર્જુન મુંઝવણમાં હતા યુધ્ધ કરુ કે ના કરુ, ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને કીધું કે : **"તમારી 'બુધ્ધિ' અને 'મન' મને સોંપી દો."** મોટા ભાગે આપણે દૈહિક રીતે શરણાગતિ સ્વીકારીએ છીએ **મન અને બુધ્ધિ સાથે 'શરણાગતિ' ના થાય ત્યારે તેને સંપૂર્ણ શરણાગતિ કહેવાતી નથી. જ્યારે શરણાગતિ સ્વીકારીએ ત્યારે મનમાં બીજી ચાલાકી અને બુધ્ધિ નહિ વાપરવાની ભગવાનના વિચારો ઉપર 'પ્રશ્નચિન્હ' નહિ લગાવવાનું.** પરિક્ષિત રાજાને જ્યારે શુકદેવજી કથા સંભળાવતા હતા ત્યારે પરિક્ષિત રાજાએ સવાલ કર્યો હતો કે 'ભગવાન સમદર્શી છે.' અર્થાત્ એમના માટે બધા સરખા છે. દેવ-દાનવ, માનવ કોઈ એમના શત્રુ નથી. મિત્ર નથી. કોઈની સાથે કટુતા નથી તો 'દેવતા માટે દૈત્યોનો વધ કેમ કરે છે ?' ત્યારે શુકદેવજીએ કીધુ કે તમારા દાદા યુધ્ધિષ્ઠિરે પણ જ્યારે શિશુપાલનો વધ થયો ત્યારે આવો જ પ્રશ્ન પૂછ્યો હતો. ભગવાનને કોઈ જાતિ વિશેષ માટે પ્રેમ કે શત્રુતા નથી. અસુર પણ જ્યારે ભગવાનની ભક્તિ કરે છે ત્યારે ભગવાન રક્ષા કરે છે. **ભગવાન ભક્ત પક્ષપાતિ છે.** જેણે શરણાગતિ સ્વીકારી હોય તેની રક્ષા કરે છે. તેનું ઉદાહરણ જોઈએ તો ભક્ત પ્રહલાદ અસુરના દીકરા હતા. એટલે અસુર કહેવાય, તો પણ ભગવાનના ભક્ત હતા એટલે ભગવાને રક્ષા કરી, અર્થાત્ **જે વ્યક્તિ સત્યના માર્ગે ચાલે છે ધર્મમય જીવન જીવે છે એની રક્ષા ભગવાન કરે છે. અને ભગવાનના હાથે જેનો પણ વધ ધાય છે તે પણ ભગવદ્ધામને પામે છે. વધ કરે છે તો પણ 'કરુણાનિધાન' છે. માટે જેને મારે છે તેને સાથે લઈ જ જાય છે.** અહિંયા આપણે ભક્ત પ્રહલાદનું ઉદાહરણ જોયું એવી રીતે દૈત્યમાં શિશુપાલનું જોઈએ તો પાંડવોએ જ્યારે રાજસૂય યજ્ઞ કર્યો ત્યારે નક્કી કર્યું હતું કે અગ્રપૂજા કોની કરવી ત્યારે ભીષ્મપિતા,

દ્રોણાચાર્ય , કૃપાચાર્ય સહિત સૌએ કહ્યું કે : **"શ્રીકૃષ્ણ જ સર્વોત્તમ છે."** ત્યારે ભગવાન શ્રીકૃષ્ણની અગ્રપૂજા શરૂ થઈ તો શિશુપાલ ગુસ્સે ભરાયો. શ્રીકૃષ્ણ ભગવાન શાંત રહ્યા અને શિશુપાલની અપરાધની ગણતરી કરતા રહ્યા, કેમ કે શિશુપાલના માતા હતા તે શ્રીકૃષ્ણ ભગવાનના ફોઈ હતા એમને ખબર હતી કે શિશુપાલનો વધ ભગવાનના હાથે થશે. એટલે ભગવાનને પોતાના પુત્રને બચાવવા વિનંતી કરી હતી. એટલે શ્રીકૃષ્ણ ભગવાને એમને વચન આપેલું કે **"હું શિશુપાલના સો અપરાધ માફ કરીશ."** જ્યારે શિશુપાલે રોષે ભરાઈને ભગવાનને ગાળો આપી ત્યારે ૧૦૧ મો અપરાધ થયો અને ભગવાને પોતાના હાથમાં રહેલું સુદર્શન ચક્ર ફરકાવ્યું. અને એક પળમાં શિશુપાલનું મસ્તક કપાયુ. શિશુપાલના શરીરમાં રહેલો તેજસ્વી આત્મા સીધો શ્રીકૃષ્ણના ચરણમાં લીન થઈ ગયો. ત્યારે યુધિષ્ઠિરે પૂછ્યુ કે : **"આપને ગાળો આપી છતાં આપે શિશુપાલનું કલ્યાણ કેમ કર્યું." ત્યારે શ્રીકૃષ્ણભગવાને કીધું કે : "શત્રુભાવે પણ શિશુપાલથી મારુ જ ચિંતવન થતું હતું. મારા સ્વરૂપનું ચિંતવન કરે તેનું કલ્યાણ કરવું એ મારો સ્વભાવ છે.** ભગવાનનું નામ લે તેનું કલ્યાણ તો થવાનું જ છે. જેમ અગ્નિનો સ્વભાવ છે બાળવાનો. અજાણતા અડી જવાય તો પણ દઝાશે. આરતી લેતા હાથ અડી જાય તો પણ દઝાય છે. જાતે અગ્નિમાં પડી જાવ તો પણ જે રીતે અગ્નિનો સ્પર્શ થાય પણ તેનો સ્વભાવ છે દઝાડવાનો તો દઝાશે. એવી રીતે ભગવાનનો સ્વભાવ છે કલ્યાણ કરવાનો. જે રીતે ભક્તિ કરો એ રીતે કલ્યાણ તો થવાનું જ છે. કહેવાનું તાત્પર્ય છે કે દૈત્ય હોય કે દેવતા કે માનવ ભગવાન બધાનું કલ્યાણ કરે છે. **પરમાત્માનું બનાવેલું જગત "ન્યાયસ્વરૂપ" છે. ભગવાને આ સૃષ્ટિની રચના કરી છે તે એ રીતની છે કે બધાને ન્યાય મળે જ છે. આપણને ભલે એવું લાગતું હોય કે આ વ્યક્તિને અન્યાય થયો પણ હકીકતમાં એવું હોતું નથી એ એના કર્મની સજા હોય છે.** ભગવાન આ સૃષ્ટિમાં જે કાંઈ કરે છે તે આ સૃષ્ટિને સંતુલિત રાખવા માટે કરે છે. જેમ શરીરને સંતુલિત રાખવા માટે બધું જોઈએ. ગળ્યુ, ખાટું, ખારુ, કડવું, તુરુ, તીખુ એમ આખી સૃષ્ટિ સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણથી ચાલે છે.' **બધી વસ્તુ એક અનુપાતમાં હોવી જોઈએ.'** શરીરમાં બી.પી. વધારે હોય તો પણ ના ચાલે, ઓછુ હોય તો પણ ના ચાલે. શરીરમાં બધી વસ્તુઓની એક માત્રા હોય છે. એક અનુપાત હોય છે. લેબોરેટરીમાં આપણે રિપોર્ટ કરાવીએ છીએ તો રિપોર્ટમાં બધાની એક સામાન્ય મર્યાદા બતાવી હોય છે. એના કરતા વધારે કે ઓછુ ના હોવું જોઈએ. આ બધુ શરીરના સંતુલન માટે છે. એવી રીતે આખી સૃષ્ટિ છે તે ભગવાનનું શરીર કહેવામાં આવે છે. વાલ્મીકિ રામાયણમાં ભગવાનનું વિશ્વસ્વરૂપ નામ બતાવ્યું છે. આખી સૃષ્ટિમાં તમોગુણ, રજોગુણ, સત્ત્વગુણ બધાનું બેલેન્સ થાય ત્યારે સંતુલિત ચાલે છે. સત્ત્વગુણ વધી જાય ત્યારે ઋષિમુનિઓ, તપસ્વીની સંખ્યા વધી જાય છે. ત્યારે ભગવાન સંતુલન માટે અસુરોને થોડી વધારે શક્તિ આપી દે છે અને જ્યારે તમોગુણ વધી જાય છે ત્યારે દેવતાને શક્તિશાળી બનાવી દે છે અને જ્યારે અતિ થઈ જાય ત્યારે પોતે અવતાર ધારણ કરે છે.

શરૂઆતમાં આપણે વાત થઈ ને કે જ્યારે આપણે દર્શન કરવા જઈએ છીએ ત્યારે ભગવાનને બહુ ફરિયાદ થઈ જાય છે. ખરાબ વિચાર આવે ત્યારે ભગવાન ઉપર ઢોળી નહિ દેવનું એ ખરાબ વિચાર આવે છે. આપણું ડહાપણ છે. અને સારો વિચાર આવે ત્યારે એ ભગવાનની દયા છે. સારુ વિચારવું એ પણ આપણા હાથની વાત નથી. જ્યારે અંતરમાં સત્ત્વગુણ વર્તતો હોય અને ભગવાનની બહુ મોટી કૃપા હોય ત્યારે સારા વિચાર આવે છે. સારો વિચાર આવે ત્યારે સારા વિચારને વર્તનમાં લાવવા માટેના પ્રયત્નો ચાલુ કરી દેવાના. જ્યારે સદ્‌બુદ્ધિ વર્તે ત્યારે એ ભગવાનની મહા મોટી કૃપા હોય છે. આવી કૃપા માટે ભગવાનને ધન્યવાદ આપવાના.

●

શ્રેષ્ઠ ભક્તિ

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

એક વખત મનુષ્ય કહે અમે શ્રેષ્ઠ. પશુ પક્ષી કહે અમે શ્રેષ્ઠ તેમાં એક દિવસ મનુષ્ય અને પક્ષીની સભા મળી. તમાં મનુષ્યે એમ કહ્યું કે અમારી ચાલ બહુ સારી, તો **હરણ બોલ્યું** રહેવા દો. તમે ચાલો તો એમ કહેવાય કે હરણ ફાળ ચાલે છે. માટે તેમાં અમે જીત્યા. અને તમે હાર્યા. મનુષ્યે કહ્યું કે સારૂં હવે બીજી વાત. અમારી વાણી બહુ સારી. તો **કોયલ બોલી** રહેવા દો. તમે બોલો ત્યારે કોયલની ઉપમાં અપાય છે કે આ તો કોયલ જેવું મીઠું બોલે છે. માટે અમે જીત્યા અને તમે હાર્યા. મનુષ્ય બોલ્યો સારૂ હવે. બીજી વાત. અમારૂં નાક બહું સારૂં. **ત્યારે પોપટ** કહે કે રહેવા દો,

લોકો એમ કહે છે કે આનું નાક તો પોપટની ચાંચ જેવું છે. માટે અમારી સરખામણી કરવાની રહેવા દો. ને અમે જીત્યા ને તમે હાર્યા. હવે બીજી વાત કરો. મનુષ્ય કહે અમે કપડા પહેરવાથી બહું સુંદર લાગીએ છીએ. ત્યારે **મોર બોલ્યો** ઉભા રહો તમે તો કપડા પહેરવાથી સુંદર લાગો છો. પણ અમો તો વગર કપડે જુઓ કેટલા સુંદર લાગીએ છીએ. માટે એમાં પણ તમે હાર્યા ને અમે જીત્યા. **મનુષ્ય કહે** બધામાં અમે હાર્યા અને તમે જીત્યા, તો હવે તમે મારી બીજી વાત સાંભળો. અમે ભગવાનની ભક્તિ કરીએ છીએ, માળા કરીએ, ભજન-કીર્તન કરીએ. કથા-વાર્તા વાંચીએ અને સાંભળીએ અને સંભળાવીએ. બોલો હવે તમારે કાંઈ કહેવું છે. ત્યારે બધા પશુ-પક્ષીઓ બોલી ઉઠ્યા તેમાં તમારી જીત જરૂર. કારણ અમારાથી ભક્તિ થતી નથી. મંદિરે જવાતું નથી માટે તેમાં તમારી જીત જરૂર. કારણ કે અમારાથી ભક્તિ થતી નથી. માટે મનુષ્ય અવતાર ધારણ કરીને ભગવાનની ભક્તિ કરીશું તો ભવસાગર તરી જશું.

જો આપણો અવતાર પશુ-પક્ષીનો આવે તો કશું થતું નથી. માટે મનુષ્યના અવતારમાં જેટલી ભક્તિ-ભજન-કીર્તન, વ્રત-ઉપવાસ, માળા, દાન-પુણ્ય આપણાથી જેટલું થાય તેટલું કરી લેવું. અરે મનુષ્યની ભક્તિ તો દેવોથી પણ ચડિયાતી છે. મનુષ્યનો અવતાર દેવો પણ માગે છે કેમ કે મનુષ્ય અવતાર દેવોને પણ દુર્લભ છે.

મનુષ્યનો અવતાર તેમાંય પણ સત્સંગીને ઘેર જન્મ થાય તેતો પૂર્વજન્મના પુણ્યના પ્રતાપે જ મળે છે. માટે આ અવતારમાં જેમ બને તેમ બીજી પ્રવૃત્તિઓમાં ઓછું ધ્યાન આપી ભક્તિ રસને પીવો જોઈએ.

શ્રીજી મહારાજે ગઢડા મધ્ય પ્રકરણ-૫૨ ના વચનામૃતમાં લખ્યું છે કે શ્રધ્ધા એ સહિત અને ઈર્ષાએ રહિત ભક્તિ કરવી ને મહિમા એ સહિત ભક્તિ કરે તો ભગવાન આપણા ઉપર રાજી થાય છે.

ગામ ગોખરવાળામાં વિપ્ર રણછોડભાઈ મન, કર્મ, વચને ભગવાનની મરજીમાં રહેતા. ઘણા ભક્તોમાં મન, કર્મ, વચન એ ત્રણમાંથી એકાદ હોય. **ઘણા વચને ભક્તિ હોય** અમે તો તમારા છીએ જેમ કહેશો તેમ કરશું. પરંતુ એક પણ આજ્ઞા પાળે નહિ. તે કેવળ વાણીના ભક્ત કહેવાય.**ઘણા કર્મથી ભક્ત હોય.** કામ-સેવા જેવું હોય તો બોલાવજો. ને હોંશે હોંશે કામ-સેવા કરી આપે. પછી દેવદર્શન-પૂજાપાઠ કાંઈ નહિ. બોલાવો તો આવે. **કેટલાક મનથી ભક્ત હોય.** હૈયામાં અખંડ પરમાત્માનું સ્મરણ કરતાં હોય.

એક વખત રણછોડભાઈ વિપ્ર પોતાના વેવાઈને ઘેર ગયા. રાત્રે વાળુ કરીને સૂતા, સવારે નાહીને ઓશરીમાં આસન પાથરીને પૂજા ના ઠાકોરજી પધરાવ્યા. પછી આંખ બંધ કરી ધ્યાનપૂર્વક માનસી પૂજા કરે છે. તે વખતે તેમના વેવાઈએ ભગવાનની મશ્કરી કરીને પૂજાની મૂર્તિ લઈ લીધી અને પૂજાને બદલે ખાસડું એટલે ચંપલ રાખી દીધા. પછી રણછોડ ભગતે માનસી પૂજા કરી ને આંખ ખોલીને જોયું તો પૂજાની મૂર્તિને બદલે ચંપલ, આઘાત લાગ્યો. મારા પ્રાણ પ્યારા ભગવાન કોણ લઈ ગયું. આડું અવળું જોયું તો વેવાઈ ખડખડાટ હસતો હતો. **પાપ કરીને હસે તે દુર્જન. પાપ કરીને પસ્તાય તે સજ્જન.** ખરાબ કાર્ય કરીને હસે છે. જેણે મારા ભગવાનની મશ્કરી કરીને હસે છે તે અત્યારે જ આંધળો થઈ જાય. તેજ વખતે વેવાઈ બેય આંખે આંધળો થઈ ગયો. સજા ફટકારી દીધી. હવે વેવાઈને પસ્તાવનો કોઈ પાર નથી. અરેરે ! જેના ચરણમાં મસ્તક નમાવાય, પૂજાપાઠ કરાય તેનું મેં અપમાન કર્યું. આખી જીંદગી પસ્તાવો થયો પછી શું થાય ? જેને ભગવાનનો મહિમા નથી તેનાથી જ આવું ખોડું કામ થાય માટે મહિમા સહિત ભક્તિ કરવી. મહિમા વિનાની ભક્તિ વીજળી જેવી છે. વીજળી થાય ત્યારે પ્રકાશ થાય ને પછી અંધારૂં તરત થઈ જાય. તેમ મહિમા વગરની ભક્તિમાં અજ્ઞાન રૂપી અંધારૂં થઈ જાય છે.

ભગવાનના હાથમાં આપણે હાથનું કાંડુ સોંપીએ તો જીવન ધન્ય બની જાય. ભગવાન આપણો હાથ ક્યારે પકડે ? આત્મા પરમાત્મારૂપી જ્ઞાનનો પ્રકાશ હોય, અંતઃકરણ શુધ્ધ-પવિત્ર હોય ત્યારે પ્રભુ આપણો હાથ પકડે. જગત સંબંધી વાસના હૃદયમાં રમતી હોય તો ભગવાન હાથ પકડે નહિ.

આજકાલ આપણે જોઈએ છીએ કે માણસો પોતાના દેહને સ્વસ્થ રાખવા, બળવાન બનાવાના કેટલાય પ્રકારના ઉપાય કરે છે. પણ આત્મા-જીવાત્માને બળવાન બનાવવાનો પ્રસંગ આવે ત્યારે જ મોળા પડી જાય છે. બ્રહ્માનંદ સ્વામી ચેતાવે છે કે કીર્તનમાં જે

"ચૂં હી જન્મ ગુમાત ભજન બિન, ચૂંહી જન્મ ગુમાત સમજ સમજ નર મૂઢ અજ્ઞાની, કાળ નિકટ ચલી આત... ભજન
ભયોરી બે હાલ ફિરત હૈ, નિશદિન ગુણ વિષયન કે ગાત....ભજન

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે હે મૂઢ, હે અજ્ઞાની તું ભજન કર્યા વિના તારો જન્મ શા માટે વ્યર્થ ગુમાવી રહ્યો છે ? કાળ તારો કોળિયો કરી જવા માટે નજીક આવી રહ્યો છે, માટે ભલો થઈને સમજી જા. વિષયના ગુણ ગાવામાં તું બેહાલ થઈને ફરે છે. તેને ત્યજીને હવે પરમાર્થના કામમાં એટલે જીવનો મોક્ષ મેળવવામાં જલદીથી લાગી જા. ભજન કરવા મંડી પડ. જીવનમાં તું શાંતિ લેવા માટે દોડા દોડ કરે છે તે શાંતિ તને ભગવાનની ભક્તિ કરવાથી, ભગવાનની લીલાનું સ્મરણ કરવાથી પ્રાપ્ત થશે. માટે શ્રધ્ધા-મહિમા સહિતને ઈર્ષા રહિત ભક્તિ કરી ભગવાનને રાજી કરી જીવનને ધન્ય બનાવીએ.

●

પુલ્હાશ્રમ

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ, તા. કડી)
(શ્રીહરિ વનવિચરણ ગતાંકથી ચાલુ)

વર્ણીરાજ વન-પર્વતોની ઝરણાઓની શોભા જોતાં-જોતાં અનંત જીવોના દૃષ્ટિથી, અનંત જીવોના સ્પર્શથી મોક્ષ કરતાં કરતાં આગળ વધી રહ્યા છે. પહોંચવું છે પુલ્હાશ્રમ જ્યાં પુલહમુનિનો આશ્રમ છે. જ્યાં ઋષભદેવના પુત્ર ભરતજીએ તપ કર્યું તે જગ્યાએ શ્રીહરિ ચાલતાં ચાલતાં પહોંચ્યા છે. પ્રથમ તો મુક્તનાથ નાં દર્શન કરી અને પછી ગંડકી ને કિનારે જે જગ્યાએ ભરતજીએ તપ કર્યું હતું તે જગ્યાએ બે બાહુ ઊર્ધ્વ રાખી એક પગે ઉભા રહીને ગાયત્રીનો જપ કરતાં કરતાં તપ કરવા લાગ્યા. પરંતુ ભરતજીને ધ્યાન કરવામાં જે બંધન નડ્યું હતું જેને કારણે ત્રણ જન્મ લેવા પડ્યા અને ભવાટવીમાં ભટકવું પડ્યું એ વાત અને પુરંજનની કથા પણ યાદ કરતા હતા. રખે ને માયા પાછળ પડે એ માટે સતત જાગ્રત રહેતા હતા.

આમ વર્ણીરાજ તપ દ્વારા બતાવી રહ્યા છે કે જુઓ ખરેખર પરમધામને પામવું હોય તો આસક્તિ, ઈચ્છાનો ત્યાગ કરો અને સતત જાગ્રત રહી પ્રભુભક્તિ કરો તો જ સંસાર સાગરમાંથી બહાર નીકળી શકાશે અને પરમધામ પામી શકાશે. આ રીતે તેઓ સંસારીઓને અને ત્યાગીઓને તપ દ્વારા ઉપદેશ આપી રહ્યા છે. આમ વર્ણીરાજે તપ શા માટે કરવું જોઈએ એ તાદેશ બતાવ્યું છે. અહીં વર્ણીરાજે ચાર મહિના સુધી પાંદડા, ફળ, ફૂલ અને હવા પર રહી તપ કર્યું છે. મોટા-મોટા ઋષિઓ, મહંતો આ તપ જોઈ "જેમ દિનકર આગળ દીવો તેમ લાગે અમારો તપ એવો." સૂર્યનારાયણ પણ હાથમાં કમળપુષ્પ લઈ પૂરા શણગાર સજી વર્ણીરાજના દર્શને પધાર્યા છે. શ્રીહરિ અને સૂર્યનારાયણનું મિલન આ ગંડકી નદીના કિનારે થયું છે. પરસ્પરનાં મિલનથી ખૂબ આનંદ થયો છે. એક બીજાની મોટપ જણાવતાં સૂર્યનારાયણ કહે છે કે તમારા વડે મારી મોટપ છે. અને હું તો તમારો દાસ છું. એમ કહી શરણમાં મસ્તક નમાવી અંતર્ધાન થયા છે. દ્વાદશીનાં પારણાં કરી વર્ણીરાજે આગળ પ્રયાણ કર્યું છે.

આજે પુલ્હાશ્રમની યાત્રા સરળ થઈ છે. પરંતુ ત્યાં ઓક્સિજન પૂરતો મળતો નથી. સીધું પર્વત પર ચઢાણ છે. પહેલાં શું સ્થિતિ હશે ? પરંતુ વર્ણીરાજ કહે છે કે જેને જય ને હાંસલ કરવો હોય તે લાખ શું કરોડો મુસીબત ને ગણકાર્યા સિવાય આગળ વધતાં હાંસલ કરી શકે છે.

ફક્ત ધર્માદા માટેનો QR Code



અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રી નરનારાયણદેવના કોઠારમાં આપનો દશાંશ - વિશાંશ ધર્માદા માટેનો આ QR Code છે. જે ફક્ત ને ફક્ત ધર્માદા માટેનો જ છે. તેની સર્વે હરિભક્તોએ ખાસ નોંધ લેવી.

સત્સંગ સમાચાર

પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૨૯ મો પ્રાકટ્યોત્સવ ઉજવાયો

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના પરમ સાંનિધ્યમાં એવમ્ પ.પૂધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની શુભ નિશ્રામાં પ.પૂ ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૨૯ મો પ્રાકટ્યોત્સવ અષાઢ વદ-૧૦ ને તા. ૮-૮-૨૬ શનિવારના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે દબદબાભેર ઉજવાયો.

પ.પૂ. લાલજી મહારાજશ્રી સૌ પ્રથમ શ્રી નરનારાયણદેવની શણગાર આરતી ઉતારી દર્શન કરી સભામાં બિરાજમાન થયા હતા. વિદ્વાન વિપ્રો દ્વારા સ્વસ્તિવાચન વિધિવત રીતે કરવામાં આવ્યું હતું. વિદ્વાન સંતો-અગ્રગણ્ય હરિભક્તો, કમિટી સભ્યશ્રીઓએ સમૂહ આરતી ઉતારી શુભેચ્છા પાઠવી હતી. અમદાવાદ મંદિરના મહંત સ્વામી, જેતલપુર મંદિરના મહંત સ્વામી આદિ સંતોએ પોતાની ભાવના દ્વારા શુભેચ્છા પાઠવી હતી. નારણઘાટ મંદિરના શા. સત્યસંકલ્પદાસજીએ સભા સંચાલન શોભાવ્યું હતું. છેલ્લે સમસ્ત ધર્મકૂળે સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(કોઠારી સ્વામી - કાલુપુર મંદિર)

વિશ્વના સૌ પ્રથમ અમદાવાદ મંદિરમાં શ્રાવણ માસની કથા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં પ્રસાદીના સભા મંડપમાં શ્રાવણ માસની વિશેષ શ્રીમદ્‌ભાગવત કથા બ્રહ્મચારી શાસ્ત્રી સ્વામી આદિશ્વરાનંદજી ગુરુ બ્રહ્મચારી સ્વામી રામેશ્વરાનંદજી (ઠાકોરજીના પૂજારી)એ સુંદર ભાવવાહી શૈલીમાં કથામૃત પાન કરાવી હરિભક્તોને રાજી કર્યા હતા.

(કોઠારી સ્વામી - કાલુપુર મંદિર)

વિશ્વના સૌ પ્રથમ અમદાવાદ મંદિરમાં શ્રી મહાદેવજીનું બીલીપત્ર પૂજન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવ સમક્ષ બિરાજમાન શ્રીહરિ પ્રતિષ્ઠિત શ્રી મહાદેવજીનું આખો શ્રાવણ માસ વિદ્વાન વિપ્રો દ્વારા બીલીપત્ર દ્વારા પૂજન-અર્ચન વિધિવત રીતે સંપન્ન થયું હતું. જેમાં ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો.

(કોઠારી સ્વામી - કાલુપુર મંદિર)

વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં ભવ્ય હિંડોળા દર્શન

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાંનિધ્યમાં અષાઢ વદ-૨ થી શ્રાવણ વદ-૨ પર્યન્ત સતત એકમાસ સુધી શ્રી બાલમુકુન્દ ભગવાનને રોજ અવનવા ભવ્ય અલૌકિક હિંડોળાના શણગાર કરી ઝુલાવવામાં આવતા હતા. આ વખતે યજમાન હરિભક્તોને હિંડોળાની આરતી ઉતારવાનો મહાલાભ મળ્યો હતો. જેથી હરિભક્તો ખૂબ રાજી થયા હતા. શહેરના અને ગામોગામના હરિભક્તોએ ભવ્ય હિંડોળા દર્શન કરી ખૂબજ ધન્યતા અનુભવી હતી. હિંડોળાની સમગ્ર સેવામાં પ.ભ. રણજીતસિંહ દરબાર, હાર્દિક રાજપુરોહિત, પર્વ દરજી, કાર્તિક પરીખ, શિશિર પરીખ, નિલેષ ખરસાણી, ચિરાગ પટેલ, વાસુદેવભાઈ સોની, જીતુ પટેલ, બ્રિજેશ પાવરા, સંજય વંડરા, વિજય સોલંકી, ઘાટલોડિયા યુવક મંડળ, મનીષભાઈ ગોરસીયા, જગદીશભાઈ પટેલ, તેજલબેન પટેલ, આર.સી. ટેકનિકલ સત્સંગ મંડળ, મનીષાબેન ભાવસાર, યોગેશભાઈ ભાવસાર, કિરીટભાઈ ભાવસાર, મોટેરા મહિલા મંડળ, આદિશ્વરનગર યુવક મંડળ, બાપુનગર મહિલા મંડળ, અક્ષય પટેલ, નારાયણઘાટ યુવક મંડળ, રાજુભાઈ પટેલ, કૌશિકભાઈ પટેલ, હરેશભાઈ ઠક્કર પરિવાર, હેમંત સરદાર (બંગાળી) આદિ એ સેવા બજાવી હતી.

હિંડોળાના યશશ્વી યજમાનશ્રીઓ : અષાઢ વદ-૨ તા. ૩૧-૭-૨૬ શુક્રવાર **ફુલ**ના હિંડોળાના યજમાનશ્રી : (૧) અ.નિ. ઉર્મિલાબેન બાલજીભાઈ પટેલ - હસ્તે : રાજુભાઈ પટેલ (કોટેશ્વર) - પ્રેરક : મહંત સ્વામી (૨) પ.ભ. પ્રિત નંદુભાઈ પટેલ (મોટેરા) - પ્રેરક : મહંત સ્વામી (૩) પ.ભ. લત્તાબેન ઘનશ્યામભાઈ મારૂ (બોપલ) (૪) પ.ભ. વસંતીબેન નારાયણભાઈ પટેલ. અષાઢ વદ-૩ તા. ૦૧-૮-૨૦૨૬ શનિવાર **પેચ**ના હિંડોળાના યજમાનશ્રી : પ.ભ. અશોકભાઈ દેવરાજભાઈ માલવીયા - હસ્તે : નિરૂપાબેન અશોકભાઈ માલવીયા. અષાઢ વદ-૪ તા. ૦૨-૦૮-૨૦૨૬ રવિવાર **રાજહંસ**ના હિંડોળાના યજમાનશ્રી : (૧) પ.ભ. વિષ્ણુભાઈ એચ. પટેલ (રાણીપ) પ.ભ. અમૃતભાઈ એચ.

પટેલ (દેઉસણા) (૨) પ.ભ. અલ્પેશભાઈ દિપકભાઈ પટેલ (અમદાવાદ). અષાઢ વદ-૫ તા. ૦૩-૦૮-૨૦૨૬ સોમવાર **રેશમ દોરી**ના હિંડોળાના યજમાનશ્રી પ.ભ. દક્ષ અમીનભાઈ પટેલ (રાણીપ). અષાઢ વદ-૬ તા. ૦૪-૦૮-૨૦૨૬ મંગળવાર **રંગોળી**ના હિંડોળાના યજમાનશ્રી (૧) પ.ભ. અરીકા જીતેશ પટેલ - હસ્તે સુમનભાઈ પટેલ (સાબરમતી-અમેરિકા) (૨) પ.ભ. ખુશીબેન દેવ પટેલ - હસ્તે દિલીપભાઈ પટેલ (ગુલાબપુરા) (૩) પ.ભ. તરલાબેન અતુલભાઈ પોથીવાલા. અષાઢ વદ-૭ તા. ૦૫-૦૮-૨૦૨૬ બુધવાર **માચીસની સળી**ના હિંડોળાના યજમાનશ્રી (૧) પ.ભ. મનિષ જીતેન્દ્રભાઈ ચોકસી (૨) ચિ.પૂજન તથા મૂર્તિ (અમેરિકા) હસ્તે પ્રિયા ચિંતલકુમાર પટેલ પ્રેરક : જે. પી. સ્વામી. અષાઢ વદ-૮ તા. ૦૬-૦૮-૨૦૨૬ ગુરુવાર **ઝરી**ના હિંડોળાના યજમાનશ્રી પ.ભ. પ્રવેશભાઈ મણીલાલ સોની હસ્તે - હસમુતીબેન પ્રવેશભાઈ સોની, સંજયભાઈ પ્રવેશભાઈ સોની. અષાઢ વદ-૯ તા. ૦૭-૦૮-૨૦૨૬ શુક્રવાર **પેપર આર્ટ**ના હિંડોળાના યજમાનશ્રી (૧) પ.ભ. ચૌધરી માહીર રમેશભાઈ હસ્તે : મહંત સ્વામી (પી.પી. સ્વામી) (૨) પ.ભ. પટેલ ખેમાભાઈ કરશનભાઈ (ડુંગરી) પ્રેરક : મહંત સ્વામી (પી.પી. સ્વામી). અષાઢ વદ-૧૦ તા. ૦૮-૦૮-૨૦૨૬ શનિવાર **ચોકલેટ**ના હિંડોળાના યજમાનશ્રી (૧) પ.ભ. અક્ષ રવિ પટેલ (દેલવાડાવાળા-અમદાવાદ) હસ્તે : સરોજબેન મુકેશભાઈ પટેલ પ્રેરક : મહંત સ્વામી. અષાઢ વદ-૧૧ તા. ૦૯-૦૮-૨૦૨૬ રવિવાર **સુકોમેવા**ના હિંડોળાના યજમાનશ્રી (૧) પ.ભ. ગીરીશભાઈ ઘનશ્યામભાઈ પટેલ - હસ્તે સન્ની તથા રવિ પટેલ (૨) પ.ભ. મગનભાઈ જી. જાગાણી - હ. અશ્વિનભાઈ (અમદાવાદ) (૩) અ.નિ. રસિકભાઈ રાજાભાઈ ઝવેરી પરિવાર પ્રેરક : બ્રહ્મચારી રામ સ્વામી (૪) પ.ભ. મયુરભાઈ ભાઈલાલભાઈ પટેલ હસ્તે : કથન મયુરભાઈ પટેલ - પ્રેરક : મહંત પી.પી. સ્વામી (૫) પ.ભ. નિતીન રણછોડભાઈ પટેલ હસ્તે : વેદાંત તથા ઓમ એન. પટેલ (૬) પ.ભ. અશોકભાઈ કે. દેસાઈ (અમદાવાદ). અષાઢ વદ-૧૨/૧૩ તા. ૧૦-૦૮-૨૦૨૬ સોમવાર **નંગ**ના હિંડોળાના યજમાનશ્રી પ.ભ. રાજેશભાઈ ઘનશ્યામભાઈ ચોકસી હસ્તે - જૈમિન તથા સન્ની ચોકસી. અષાઢ વદ-૧૪ તા. ૧૧-૦૮-૨૦૨૬ મંગળવાર **શાકભાજી**ના હિંડોળાના યજમાનશ્રી (૧) શ્રી નરનારાયણ મહિલા મંડળ જુનુ - રાણીપ (૨) પ.ભ. રમીલાબેન પ્રવિણભાઈ દેવાણી (નિકોલ) હસ્તે : જે. પી. સ્વામી (૩) પ.ભ. ચંદ્રકાન્તભાઈ જયંતીલાલ ઠક્કર હસ્તે : મિલન ચંદ્રકાન્તભાઈ ઠક્કર. અષાઢ વદ-૩૦ તા. ૧૨-૦૮-૨૦૨૬ બુધવાર **ચોકલેટ**ના હિંડોળાના યજમાનશ્રી (૧) પ.ભ. રાવજીભાઈ મણીભાઈ પટેલ (મોટેરા-ઝુંડાલવાળા) (૨) શ્રી નરનારાયણદેવ ચરણ સેવક પ્રેરક : બ્ર. સ્વામી ઘનશ્યામપ્રકાશાનંદજી. શ્રાવણ સુદ-૧ તા. ૧૩-૦૮-૨૦૨૬ ગુરુવાર **ફૂલ**ના હિંડોળાના યજમાનશ્રી (૧) પ.ભ. શારદાબા શેલત - હસ્તે : અસ્મિતાબેન શેલત પરિવાર - પ્રેરક : સાં.યો. મંજુબા તથા ભારતીબા (૨) પ.ભ. કૃપા કીર્તનભાઈ પટેલ (નારણપુરા) (૩) પ.ભ. ગાંડાભાઈ કાળીદાસભાઈ પટેલ, સીતાબેન ગાંડાભાઈ પટેલ (ગુલાબપુરાવાળા). શ્રાવણ સુદ-૨ તા. ૧૪-૦૮-૨૦૨૬ શુક્રવાર **ડાયમંડ પેચ**ના હિંડોળાના યજમાનશ્રી (૧) પ.ભ. ભરતભાઈ ગાંડાભાઈ પટેલ (સોલાવાળા) હસ્તે - લલીતાબેન બી. પટેલ (૨) પ.ભ. અલ્પેશ રમેશચંદ્ર ભાવસાર (જન્મ દિવસ નિમિત્તે) - હસ્તે : મોનાક ભાવસાર (૩) પ.ભ. નરેન્દ્રભાઈ પુરષોતમભાઈ પટેલ (કાશીન્દ્રા) (૪) પ.ભ. ઉત્તમ રમેશભાઈ કેરાઈ (જન્મ દિવસ નિમિત્તે). શ્રાવણ સુદ-૩ તા. ૧૫-૦૮-૨૦૨૬ શનિવાર **તિરંગા ધ્વજ**ના હિંડોળાના યજમાનશ્રી (૧) પ.ભ. ભરતભાઈ હીરજીભાઈ દેકાવડીયા (જન્મ દિન નિમિત્તે) (૨) પ.ભ. સહજ દિનેશભાઈ પટેલ (સાયન્સસીટી) (જન્મ દિન નિમિત્તે) (૩) પ.ભ. અનંત અરજણભાઈ રાદડીયા (નિકોલ) (૪) પ.ભ. ટાંક ધનલ કિરીટભાઈ (૫) (સી.એ.) રિધ્ધિ પ્રશાંતભાઈ પરમાર - હસ્તે : હેમલત્તાબેન પી. પરમાર - પ્રેરક : શા.સ્વા. હરિકેશવદાસજી (સે-૨૩ ગાંધીનગર) (૬) પ.ભ. નયનાબેન વિનોદકુમાર મોદી - હસ્તે : તત્વજ્ઞ મોદી. શ્રાવણ સુદ-૪ તા. ૧૬-૦૮-૨૦૨૬ રવિવાર **ચલણી નોટ**ના હિંડોળાના યજમાનશ્રી (૧) પ.ભ. પ્રકાશભાઈ પી. પટેલ (ચૈનપુર) પ્રેરક : મહંત સ્વામી (૨) પ.ભ. રઘુવીરભાઈ નવિનચંદ્ર અમીન (૩) પ.ભ. ચિંતન વિષ્ણુભાઈ પટેલ (જન્મ દિન નિમિત્તે) (ચાંદખેડા-ઓસ્ટ્રેલીયા) - હસ્તે : તપન પટેલ - પ્રેરક : મહંત સ્વામી શ્રાવણ સુદ-૫ તા. ૧૭-૦૮-૨૦૨૬ સોમવાર **દ્રાક્ષ**ના હિંડોળાના યજમાનશ્રી (૧) પ.ભ. સોની હિરેન હિરાલાલ (૨) પ.ભ. પ્રયાગ ધવલભાઈ ઠક્કર (સેટેલાઈટ-અમદાવાદ) હસ્તે : ધવલભાઈ કાંતિલાલ ઠક્કર (૩) પ.ભ. જીતેન્દ્રભાઈ અરવિંદભાઈ જાની (૪) પ.ભ. કમલેશભાઈ બચુભાઈ પટેલ પરિવાર (ડીંગુચાવાળા) હસ્તે : આશ્વિ તરૂણભાઈ પટેલ - પ્રેરક : જે.પી. સ્વામી (૫) શ્રી નરનારાયણ યુવક મંડળ (કોકણોલ)- હસ્તે : હર્ષદભાઈ તથા ભાવેશભાઈ (૬) પ.ભ. ધનૂષભાઈ જીતેન્દ્રભાઈ રાઘનપુરા - પ્રેરક : બ્રહ્મચારી સ્વામી રામેશ્વરાનંદજી. શ્રાવણ સુદ-૬ તા. ૧૮-૦૮-૨૦૨૬ મંગળવાર **મુખવાસ**ના હિંડોળાના યજમાનશ્રી (૧) પ.ભ. મેહુલ અશોકભાઈ ઠક્કર (અમદાવાદ) (૨) પ.ભ. પૂજન રાજુભાઈ પટેલ (જન્મ દિન નિમિત્તે) (પોરવાળા-સાબરમતી). શ્રાવણ સુદ-૭ તા. ૧૯-૦૮-

૨૦૨૬ બુધવાર **ફૂટ**ના હિંડોળાના યજમાનશ્રી (૧) મહેશકુમાર ડાયાભાઈ એન્ડ કંપની (માધુપુરા) (૨) પ.ભ. નિલેષભાઈ પરષોત્તમભાઈ પટેલ(લાલોડા) હસ્તે : દર્શ તથા દિત્વી. શ્રાવણ સુદ-૮ તા. ૨૦-૦૮-૨૦૨૬ ગુરુવાર **મયુરકલા**ના હિંડોળાના યજમાનશ્રી પ.ભ. નીલાબેન ચીકાભાઈ ખરસાણી (અમદાવાદ). શ્રાવણ સુદ-૯ તા. ૨૧-૦૮-૨૦૨૬ શુક્રવાર **સૂકોમેવા**ના હિંડોળાના યજમાનશ્રી (૧) પ.ભ. નિતીનભાઈ રણછોડભાઈ પટેલ હસ્તે : રીનાબેન એન. પટેલ (૨) લીલાબેન મનુભાઈ પટેલ (અમેરિકા) - હસ્તે : પ્રજ્ઞેશભાઈ પટેલ (૩) પ.ભ. નાગજીભાઈ શામજીભાઈ ગોળકીયા (વસ્ત્રાલ) હસ્તે : આશિષભાઈ નાગજીભાઈ ગોળકીયા. શ્રાવણ સુદ-૧૦ તા. ૨૨-૦૮-૨૦૨૬ શનિવાર **લીપણ આર્ટ**ના હિંડોળાના યજમાનશ્રી (૧) પ.ભ. પર્વ ચિરાયુ દેવાણી (નિકોલ) હસ્તે : જે.પી. સ્વામી (૨) પ.ભ. ભારતીબેન દિનેશભાઈ જોષી (શિકાગો) હસ્તે : હાર્દિક દિનેશભાઈ જોષી પરિવાર (વહેલાલ) પ્રેરક : જે.પી. સ્વામી. શ્રાવણ સુદ-૧૧ તા. ૨૩-૦૮-૨૦૨૬ રવિવાર **પવિત્રા**ના હિંડોળાના યજમાનશ્રી (૧) પ.ભ. ખુશાલીબેન વિશાલકુમાર ગોરસીયા (જન્મ દિન નિમિત્તે) હસ્તે : કનુભાઈ સાચાણી, શૌર્ય ગોરસીયા (નિકોલ) - પ્રેરક : મહંત પી. પી. સ્વામી (૨) પ.ભ. મિતેષકુમાર રસિકલાલ પટેલ - હસ્તે : પ્રિશા પટેલ (૩) પ.ભ. કામીનીબેન જીતેન્દ્રભાઈ પટેલ (કૈયલ) હસ્તે ખ્રીશા તથા મોક્ષ (૪) અ.નિ. ભાનુબેન બંસીભાઈ પટેલ હસ્તે : સંજયભાઈ બંસીભાઈ પટેલ - પ્રેરક બાલકૃષ્ણ સ્વામી (મેતપુરવાળા) (૫) પ.ભ. ગૌરીબેન અમૃતભાઈ પટેલ - હસ્તે : જતીન તથા સાજન પટેલ પરિવાર (૬) ગં.સ્વ. શારદાબેન પ્રભુદાસ માણેક - હસ્તે : જયેશભાઈ માણેક. શ્રાવણ સુદ-૧૨ તા. ૨૪-૦૮-૨૦૨૬ સોમવાર **ડાયમંડ**ના હિંડોળાના યજમાનશ્રી (૧) પ.ભ. રાજ બિપીનભાઈ ઠક્કર (૨) અ.નિ. હંસાબેન તથા અ.નિ. જયંતિલાલ જે. શાહ (પુણ્યતિથિ નિમિત્તે) (કુલ મંડળી) હસ્તે : ડૉ. સતિષભાઈ શાહ (અમેરિકા) - પ્રેરક : મહંત પી.પી. સ્વામી (૩) પ.ભ. પટેલ કૈલાસબેન અંબાલાલભાઈ (ગવાડાવાળા) (જન્મ દિન નિમિત્તે) (૪) પ.ભ. કરશનભાઈ કાનજીભાઈ રાઘવાણી (અમદાવાદ). શ્રાવણ સુદ-૧૩ તા. ૨૫-૦૮-૨૦૨૬ મંગળવાર **મોતી**ના હિંડોળાના યજમાનશ્રી (૧) પ.ભ. પટેલ વિયાન અમિતભાઈ - હસ્તે : ઘનશ્યામભાઈ (૨) અ.નિ. હંસાબેન બાબુલાલ સોની - હસ્તે : દર્શ અશ્વિનભાઈ બાબુલાલ સોની (સરાવાળા) - પ્રેરક : જે.પી. સ્વામી (૩) હવેલી મહિલા મંડળ - કાલુપુર - હસ્તે : આશાબેન કમલેશભાઈ શાહ (૪) પ.ભ મંજીલ હસમુખભાઈ મિસ્ત્રી (અમદાવાદ) (૫) પ.ભ. ઘનશ્યામભાઈ ચિમનભાઈ દક્ષિણી - હેતના જન્મદિન નિમિત્તે હસ્તે : મહંત પી.પી. સ્વામી. શ્રાવણ સુદ-૧૩ તા. ૨૬-૦૮-૨૦૨૬ બુધવાર **કંતાન આર્ટ**ના હિંડોળાના યજમાનશ્રી (૧) અ.નિ. જયંતિલાલ કાનજીભાઈ ઠક્કર(બાવળા) (૨) પ.ભ. વસંતરાય નારણદાસ મામતોરા હસ્તે : ઋષિ પ્રકાશભાઈ મામતોરા (૩) પ.ભ. ગૌતમભાઈ લક્ષ્મીચંદભાઈ ઠક્કર - પ્રેરક : શાસ્ત્રી સ્વામી હરિપ્રિયદાસજી (સે-૨૩ ગાંધીનગર). શ્રાવણ સુદ-૧૪ તા. ૨૭-૦૮-૨૦૨૬ ગુરુવાર **કાચ**ના હિંડોળાના યજમાનશ્રી (૧) પ.ભ. વ્રજેશભાઈ રસિકલાલ ભાવસાર હસ્તે : મંથન, વિનય, નિશા, સોનલ (૨) પ.ભ. હેમીબેન બી. પટેલ (૩) પ.ભ. જીવીબા ચંદુલાલ (અમદાવાદ) હસ્તે : સાંખ્યયોગી મંજુબા - હવેલી. શ્રાવણ સુદ-૧૫ તા. ૨૮-૦૮-૨૦૨૬ શુક્રવાર **રાખડી**ના હિંડોળાના યજમાનશ્રી (૧) પ.ભ. સુમિતભાઈ ઠક્કર (અમદાવાદ) - પ્રેરક : બ્રહ્મચારી સ્વામી રામેશ્વરાનંદજી (૨) પ.ભ. ધર્મેન્દ્રભાઈ ઘનશ્યામભાઈ (મેડા) - હસ્તે : સચિન, વિરલ, રેયાંશ તથા પરિવાર (૩) પ.ભ. રાજેશભાઈ રણછોડભાઈ પટેલ (સાબરમતી) (૪) પ.ભ. ગોપાલભાઈ નારણભાઈ વેકરીયા - હસ્તે : ઉમેશ ગોપાલભાઈ વેકરીયા - પ્રેરક : બ્રહ્મચારી સ્વામી રામેશ્વરાનંદજી (૫) પ.ભ. પ્રિન્સ સતીષભાઈ પટેલ (૬) પ.ભ. ઘનશ્યામભાઈ મણીભાઈ ઠક્કર (બાવળા) - હસ્તે : વિયાન ઠક્કર (૭) પ.ભ. અક્ષય ઉપેન્દ્રભાઈ પટેલ, અમીબેન અક્ષય પટેલ, ઉપેન્દ્રભાઈ બી. પટેલ (અમદાવાદ - ઘમીજવાળા) (૮) પ.ભ. કલ્પેશભાઈ વેલજીભાઈ હડીયલ - હ. યશ્વી કલ્પેશભાઈ હડીયલ (ચરાડવા) (૯) પ.ભ. અમરકુમાર વિષ્ણુપ્રસાદ પટેલ - હસ્તે : દેવષ્યકુમાર પટેલ. શ્રાવણ વદ-૧ તા. ૨૯-૦૮-૨૦૨૬ શનિવાર **વાસણ**ના હિંડોળાના યજમાનશ્રી (૧) અ.નિ. વલ્લભભાઈ ભુરાભાઈ નસીત, અ.નિ. દિવાળીબેન વલ્લભભાઈ નસીત - હસ્તે પ્રવિણભાઈ નસીત (એન્જીનિયર) (૨) પ.ભ. અશોકભાઈ મણીલાલ પટેલ (બિલાસીયાવાળા) - પ્રેરક : જે.પી. સ્વામી (૩) પ.ભ. જીત રમેશભાઈ પૂજારા - હસ્તે : બ્રહ્મચારી સ્વામી ઘનશ્યામપ્રકાશાનંદજી. શ્રાવણ વદ-૨ તા. ૩૦-૦૮-૨૦૨૬ રવિવાર **ગ્લાસ પેઈન્ટીંગ**ના હિંડોળાના યજમાનશ્રી (૧) પ.ભ. શિવેન મૌલિક પટેલ (અમેરિકા) - હસ્તે : રમેશભાઈ પટેલ (સીએ) (૨) પ.ભ. પટેલ મયંકભાઈ અશ્વિનભાઈ (નવાવાડજ) (૩) પ.ભ. રાજદિપ ભાસ્કરભાઈ બ્રહ્મભટ્ટ - હસ્તે : સરોજબેન, સિધ્ધિ, સત્વ તથા પરિવાર. (૪) પ.ભ. લાલજીભાઈ હરિભાઈ ઢાંકેચા (નિકોલ) હસ્તે : જયસુખભાઈ. (કોઠારી સ્વામી - કાલુપુર મંદિર)

ધોળકા ધામના ૨૦૦ વર્ષના "ત્યોહાર"ના ઉપલક્ષમાં કાલુપુર મંદિરમાં અખંડ મહામંત્ર ધૂન

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી આપણા ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પ્રેરણા સંકલ્પથી આપણા

ધોળકા મંદિરના દેવોના પ્રતિષ્ઠાને ૨૦૦ વર્ષ ના ''ત્યોહાર'' ના ઉપક્રમે હાલ ધાર્મિક, સામાજિક જેવા અનેકવિધ કાર્યક્રમો ચાલી રહ્યા છે. વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં શ્રાવણ સુદ-૧૧ પવિત્રા એકાદશી તા. ૨૩-૮-૨૦૨૬ ને રવિવારના સવારના ૬ થી સાંજના ૬ પર્યન્ત શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નીચેના આપણા મંદિરોના હરિભક્તોએ ક્રમઃસહ ધૂનમાં લાભ લીધો હતો. આવા અલૌકિક ધૂનના યશસ્વી યજમાન અ.નિ. શ્રી નારાયણભાઈ લક્ષ્મીદાસ પટેલ, અ.નિ. શાંતાબેન નારણભાઈ પટેલ, અ.નિ. શ્રી હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ, પ્રદિપાબેન નારણભાઈ પટેલ, શ્રી વેણુગોપાલ હિતેન્દ્રભાઈ પટેલ, અ.સૌ. શ્વેતા વેણુગોપાલ પટેલ, કુ. હિતાર્થી વેણુપોગાલ પટેલ, કુ. હિતાક્ષી વેણુગોપાલ પટેલ આદિ પરિવારે મહાલાભ લીધો હતો. ધૂનના પ્રારંભ પ્રસંગે પ.ભ. વેણુગોપાલભાઈએ ઠાકોરજીની આરતી ઉતારી હતી. મહંત સ્વામીએ પુષ્પહાર પહેરાવી તેમનું સન્માન કર્યું હતું. તેજ રીતે હવેલીમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ પ.ભ. પ્રદિપાબેનનું પુષ્પહાર પહેરાવી સન્માન કર્યું હતું. પ્રદિપાબેને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આરતી ઉતારી ભેટ ધરીને આશીર્વાદ મેળવ્યા હતા. આજે આખો દિવસ શહેરના હરિભક્તોએ ધૂનમાં બેસી લાભ લીધો હતો. અમદાવાદ મંદિરના તમામ સંતોએ ધૂનમાં બેસી મંત્રજાપ કર્યો હતો. યજમાન પરિવાર દ્વારા તમામ ધૂનમાં લાભ લેનારને ફળાહાર જમાડવામાં આવેલ.

અખંડ ધૂનમાં નીચેના મંદિરોના હરિભક્તોએ ક્રમશ લાભ આપ્યો હતો. સવારે ૬-૦૦ થી ૮-૦૦ : નિકોલ ગામ, નવા નિકોલ, એપ્રોચ, મેમનગર (ભક્તિનગર), શીલજ, થલતેજ. ૮-૦૦ થી ૧૦-૦૦ : મહાદેવનગર, જામફળવાડી, નિરાંત ચોકડી (વસ્ત્રાલ), નરોડા (આદિશ્વરનગર), બોપલ, વણઝર, ૧૦-૦૦ થી ૧૨-૦૦ : કર્મશક્તિપાર્ક (નવાનરોડા), હર્ષદ કોલોની, વિરાટનગર, કોટેશ્વર, સુઘડ, નાના ચિલોડા. ૧૨-૦૦ થી ૨-૦૦ : જીવરાજપાર્ક, કાંકરિયા, ગોમતીપુર, ખોખરા, અમરાઈવાડી, સરસપુર, સૈજપુર-બોધા, અંજલી (વાસણા). ૨-૦૦ થી ૪-૦૦ : નવાવાડજ, ઘાટલોડિયા, આર.સી. ટેકનિકલ, મીઠાખળી, કોચરબ (પાલડી), અદાણી શાંતિગ્રામ. ૪-૦૦ થી ૬-૦૦ : ન્યુ રાણીપ, રાણીપ, નારણપુરા, નારણઘાટ, કાળીગામ, સાબરમતી, મોટેરા, ચાંદખેડા ટીપી-૪૪, જનતાનગર આદિ હરિભક્તોએ ધૂનમાં સંગીતના સૂર સાથે રમઝટ બોલાવી હતી.

(કોઠારી સ્વામી - કાલુપુર મંદિર)

કાલુપુર મંદિરના સંતો દ્વારા સત્સંગ સભા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી નવા નિકોલ ખાતે તા. ૯-૮-૨૦૨૬ રવિવારના રોજ સુંદર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાલુપુર મંદિરથી શા. દિવ્યસ્વરૂપદાસ અને સ્વા. સચ્ચિદાનંદદાસે કથા વાર્તા કરીને હરિભક્તોને રાજી કર્યા હતા.

તા. ૨-૮-૨૦૨૬ રવિવાર શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરથી જીવરાજપાર્ક મંદિરમાં સ્વા. દિવ્યસ્વરૂદાસે કથા વાર્તાનો લાભ આપ્યો હતો.

તા. ૯-૮-૨૦૨૬ રવિવારના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક ખાતે રાત્રીના અમદાવાદ મંદિરના મહંત સ્વામી પી.પી. સ્વામીએ કથાવાર્તાનો લાભ આપેલ.

તા. ૨૩-૮-૨૦૨૬ ને રવિવારના શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક ખાતે સ્વા. ભક્તિપ્રકાશદાસ (ગાંધીનગર મંદિર સે-૨) અને કાલુપુર મંદિરથી સચ્ચિદાનંદ સ્વામીએ કથાવાર્તાનો સુંદર લાભ આપ્યો હતો.

(સાધુ દિવ્યસ્વરૂપદાસ - કાલુપુર મંદિર)

શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડા

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપા થી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞા થી શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડા દ્વારા આગામી મોરલીમનોહર દેવ ધોળકા ધામ ના ૨૦૦ વર્ષના ત્યોહારના ઉપલક્ષમાં અનેકવિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે જેમાં દરરોજ એક કલાક ધૂન તથા એકાદશી ના દિવસે પ્રભાતફેરી તેમજ તા. ૨૩-૦૮-૨૦૨૬ ને રવિવાર પવિત્રા એકાદશીના રોજ સમૂહ મહાપુજાનું સુંદર આયોજન કર્યું હતું. તેમા લાલોડા ગામના બધા જ હરિભક્તોએ લાભ લીધો હતો. સમગ્ર આયોજન લાલોડા મંદિરના કોઠારી સ્વામી વિશ્વપ્રકાશદાસજી તથા સ્વામી બાલકૃષ્ણદાસજી અને શા. સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ કર્યું હતુ.

(મહેન્દ્રસિંહ દરબાર)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

શ્રી સ્વામિનારાયણ મંદિર ધ્રાંગધ્રા ધર્માદા કથા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર ધ્રાંગધ્રા (સીતા દરવાજા) ખાતે તા. ૧૬ થી ૧૮ ઓગસ્ટ દરમ્યાન ધર્માદા સભા અંતર્ગત કથા સ.ગુ. સ્વામી ભક્તિહરિદાસજીની પ્રેરણાથી તેમના શિષ્ય મંત્રપ્રકાશદાસજી સ્વામીએ દશાંશ વિશાંશ ધર્માદાની શ્રીહરિની આજ્ઞાનુંસાર સરળ ભાષામાં ખૂબ સુંદર સમજણ આપી હતી. જેની એટલી અસર થઈ કે મૂળી શ્રી રાધાકૃષ્ણદેવના કોઠારે રૂા. ૧૨ લાખ ઉપરાંત ધર્માદો હરિભક્તો દ્વારા નોંધાયો હતો. સ્વા. સર્વેશ્વરદાસે સભા સંચાલન સુંદર રીતે કર્યું હતું.

(અનિલ દૂધરેજીયા)

શ્રી સ્વામિનારાયણ

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

અષાઢ સુદ-૧ પ.ભ. શ્રેય દર્શન પટેલ (અમદાવાદ), પ.ભ. અ.નિ. સુશીલાબેન કાંતિભાઈ પટેલ (ધમાસણા). **અષાઢ સુદ-૨** પ.ભ. સવિતાબેન રણછોડભાઈ દેવાણી (નિકોલ), ઘનશ્યામ ટીમ્બર માર્ટ (નેત્રા-કચ્છ), પ.ભ. ઉજાસ મહેન્દ્રભાઈ પટેલ (મુંબઈ), પ.ભ. જીનલકુમાર જીજ્ઞેશભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. દેવાસ્યકુમાર અમરકુમાર પટેલ (અમદાવાદ), સ.ગુ. સંત સ્વામી (કાલુપુર મંદિર). **અષાઢ સુદ-૩/૪** મહંત સાંખ્યયોગી જસુબાઈ અને રામબાઈ (દહીંસરા-કચ્છ), શ્રીહરિ ઈન્ફ્રા. **અષાઢ સુદ-૬** પ.ભ. અ.નિ. ધર્મિષ્ઠાબેન રમેશચંદ્ર પટેલ (લસુન્દ્રા), પ.ભ. બાબુલાલ મણીલાલ પટેલ (ન્યુ રાણીપ), શ્રીહરિ પ્રસન્નાર્થે - હ. ધર્મ (અમદાવાદ). **અષાઢ સુદ-૭** પ.ભ. વાલબાઈ ખીમજી ભુવા (સુખપર-કચ્છ). **અષાઢ સુદ-૮** પ.ભ. મનજી વેલજી હાલાઈ (ગોધરા-માંડવી-કચ્છ). **અષાઢ સુદ-૯** પ.ભ. વિનીતભાઈ રમેશભાઈ પરીખ (બોપલ), પ.ભ. અ.નિ. રાજેન્દ્રકુમાર માણેકલાલ (ડાંગરવા). **અષાઢ સુદ-૧૦** પ.ભ. ચિરાગભાઈ બળવંતભાઈ સુતાર (વિદ્યાનગર), પ.ભ. ભીમજી હરજી કેરાઈ (રામપર-વેકરા-કચ્છ). **અષાઢ સુદ-૧૧** પ.ભ. જેનિકા રોશનકુમાર પટેલ (નાના કલોદરા). **અષાઢ સુદ-૧૨** પ.ભ. અ.નિ. ચંદ્રિકાબેન ભીખાભાઈ ભાવસાર (સરસપુર), પ.ભ. શ્લોક વાસુદેવભાઈ પટેલ (મોખાસણ), પ.ભ. જયંતીભાઈ છગનદાસ પટેલ (લક્ષ્મણપુરા), પ.ભ. નવીનભાઈ પટેલ (સાંચોદર), પ.ભ. ધર્મેશભાઈ વાસુદેવભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. અ.નિ. અલ્કેશભાઈ કાનજીભાઈ ચૌધરી (બાલવા), પ.ભ. ગુંજન જયંતિલાલ પ્રજાપતિ (અમદાવાદ), પ.ભ. અ.નિ. સુભદ્રાબેન પરસોતમદાસ પટેલ (અમદાવાદ), મહિલા મંડળ (એપ્રોચ-બાપુનગર), પ.ભ. અ.નિ. દિપીકાબેન ચંદ્રકાન્તભાઈ પટેલ (કોઠાવાળા). **અષાઢ સુદ-૧૩** પ.ભ. અ.નિ. રવજી માવજી હાલાઈ, પ.ભ. અ.નિ. વાલબાઈ રવજી હાલાઈ (દહીંસરા-કચ્છ), પ.ભ. લક્ષ્મણભાઈ માવજીભાઈ પટેલ (સાંધલી), પ.ભ. અંબાલાલ રામદાસ પટેલ (વિહાર). **અષાઢ સુદ-૧૪** પ.ભ. અ.નિ. જીમીલ જીગ્નેશભાઈ (લાલોડા), પ.ભ. મહેશભાઈ નારણભાઈ પટેલ (ઉનાવા), પ.ભ. રવજી નાનજી ગોરસીયા (સુખપર-કચ્છ), પ.ભ. સંજયકુમાર એલ. કાપડીયા (અમદાવાદ), પ.ભ. કિશોર શિવજી હિરાણી (ભૂજ-કચ્છ). **અષાઢ સુદ-૧૫** પ.ભ. રાજુભાઈ વિઠ્ઠલદાસ પટેલ (મોખાસણ), પ.ભ. અ.નિ. રવિકાન્ત મસ્કી (અમદાવાદ), પ.ભ. મહેન્દ્રકુમાર ડાહ્યાભાઈ ચૌધરી (ઈશ્વરપુરા), પ.ભ. હંસાબેન જે. શાહ (ફુલ મંડળી અમદાવાદ), પ.ભ. અક્ષય પટેલ (ઘમીજ), શ્રેયલ ભીમજીભાઈ રાબડીયા (સીડની), પ.ભ. રામદાસ બાપા પરિવાર (ઉનાવા), પ.ભ. માવજીભાઈ શિવજીભાઈ પિંડોરીયા, પ.ભ. પ્રેમીલાબેન માવજી પિંડોરિયા (સુખપર-રોહા-કચ્છ), પદ્મ શ્રી કાંતિ કરશન પિંડોરિયા, ચેતના કાંતિ પિંડોરિયા (કચ્છ-ભુજ).

અષાઢ વદ-૧ પ.ભ. જીતેન્દ્રભાઈ ચિમનલાલ રાઠોડ (અમદાવાદ), પ.ભ. અ.નિ. ભરતભાઈ નાગરભાઈ ખાડીવાર (ઈંગોરાળા), પ.ભ. અ.નિ. સિલ્કી બિન્દેશભાઈ પટેલ (ગાંધીનગર). **અષાઢ વદ-૩** પ.ભ. ચંદુભાઈ હાથીભાઈ પટેલ (મિત્રાલ), પ.ભ. દૃષ્ટિબેન ધાનાણી (અમદાવાદ). **અષાઢ વદ-૪** પ.ભ. સુહાગભાઈ રમણભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. અ.નિ. કરશન કેસરા પિંડોરીયા (સુખપર-રોહા), પ.ભ. દશરથભાઈ રેવાભાઈ પટેલ (ડુંગરી), પ.ભ. પ્રાંસી સતીષકુમાર મોદી (વિસનગર), પ.ભ. અ.નિ. રૂક્ષ્મણીબેન કેશવલાલ પટેલ (અમદાવાદ), પ.ભ. અલ્પેશભાઈ પટેલ. **અષાઢ વદ-૫** પ.ભ. અ.નિ. વાલજી કરશન ભૂડીયા (માનકુવા-કચ્છ), પ.ભ. સ્તવ્ય ધ્રુવિલ પટેલ (ઝુંડાલ). **અષાઢ વદ-૬** પ.ભ. અ.નિ. જસુબેન રવજી ખેતાણી (સુખપર-કચ્છ). **અષાઢ વદ-૭** હજૂરી પાર્ષદ કનુ ભગત ગુરુ હજૂરી પાર્ષદ વનરાજ ભગત (સ્વા. બાગ મેમનગર). **અષાઢ વદ-૮** પ.ભ. અ.નિ. ઈન્દ્રવદન જીવણલાલ પટેલ (અમદાવાદ), સાંખ્યયોગી અંજુબા (ગઢડા). **અષાઢ વદ-૧૦** પ.ભ. અ.નિ. દર્શિન જગદીશચંદ્ર સોની (અમદાવાદ), પ.ભ. ભરતભાઈ રેવણીદાસ પટેલ (દેલવાડા). **અષાઢ વદ-૧૧** પ.ભ. ગીરીશભાઈ ઘનશ્યામભાઈ પટેલ (વડુ), પ.ભ. નર્મદાબેન કુંવરજીભાઈ મોરડીયા (અમદાવાદ), પ.ભ. અ.નિ. પાર્થભાઈ મનહરભાઈ ગાંધી (અમદાવાદ). **અષાઢ વદ-૧૨/૧૩** પ.ભ. હેમ ગોવિંદ ભંડેરી (સુખપર-કચ્છ), પ.ભ. કુશ પટેલ (અમદાવાદ), અ.નિ. રતનબાઈ માવજી હિરાણી (માનકુવા-કચ્છ), પ.ભ. અ.નિ. આશિષ ભીખાભાઈ ભાવસાર (સરસપુર), પ.ભ. મહેશ રવજીભાઈ માલસતર (અમદાવાદ), પ.ભ. અ.નિ. વિનુભાઈ પટેલ (વાવોલ), પ.ભ. કાંતાબેન ધનજીભાઈ વરસાણી (ઓસ્ટ્રેલીયા). **અષાઢ વદ-૧૪** પ.ભ. દેવકરણભાઈ રવાભાઈ માત (હિરાપુર-કચ્છ), પ.ભ. પ્રવિણભાઈ છનાલાલ ભાવસાર (અમદાવાદ). **અષાઢ વદ-૩૦** શ્રી નરનારાયણદેવ ચરણ સેવક, પ.ભ. માધવજીભાઈ લવજીભાઈ પટેલ (નિકોલ), પ.ભ. ધનબાઈ હિરજી ભૂડીયા (મેઘપર-કચ્છ).

Printed and Published by **Shastri Swami Purushottamprakashdasji** on behalf of **Shree Swaminarayan Temple** and **Published From :** Shree Swaminarayan Mandir Kalupur, Ahmedabad-380001. Printed at **Asian Printery,** Near Talati Hall, Raipur, Ahmedabad-380001.
Editor : Shastri Swami Purushottamprakashdasji



શ્રાવણ માસ નિમિત્તે ''ત્યોહાર''ના ઉપલક્ષમાં અમદાવાદ મંદિરમાં પવિત્રા એકાદશીના અખંડ ધૂન કરતા સંતો હરિભક્તો



અમદાવાદ મંદિરમાં દર પૂનમે નિયમિત યોજાતી સત્સંગ સભામાં આરતી ઉતારતા પ.પૂ. મોટા મહારાજશ્રી



ન્યૂ રાણીપ મંદિરના યુવકો દ્વારા શ્રાવણ માસમાં શ્રી હનુમાનજી સમક્ષ વિવિધ પ્રકારના કલાત્મક હિંડોળાની રચના કરવામાં આવી હતી.



વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગોસ્વામી રણછોડલાલજીને ત્યાં પુત્ર રત્નના પ્રાકટ્ય પ્રસંગે પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી શુભેચ્છા મુલાકાત લેતા સંતો - હરિભક્તો



ગાંધીનગર સેક્ટર-૨૩ મંદિરમાં કલાત્મક હિંડોળા

Registered under RNI is - GUJ GUJ/2007/20221 “Permitted to post at Ahd. Unaccountable L1 i/o. on 11 the every month under postal REG. No.GAMC.003/2024-2026 Valid up to 31-12-2026 issued by the SSPO’s License to Post without Prepayment No.PMG/NG/028/2024/2026 Valid up to 31-12-2026



બોસ્ટન (અમેરિકા) મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીને અભિષેક કરતા અને સભામાં દર્શન આપતા શ્રી હરિના ત્રણેય અપર સ્વરૂપો તથા રક્ષાબંધને પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના હસ્તે રક્ષા કવચ બાંધતા પ.પૂ.બિંદુરાજાશ્રી



નવા વર્ષના કેલેન્ડર પ્રકાશિત થઈ ગયા છે. વહેલાસર ઓર્ડર નોંધાવવો

અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશ દ્વારા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી અને તેમણે જ પસંદ કરેલ અલૌકિક દર્શનીય સુંદર નવા વર્ષના કેલેન્ડર પ્રકાશિત કરવામાં આવ્યા છે. **(આપણા તમામ શિખરબધ્ધ તથા હરિ મંદિરોએ આ જ કેલેન્ડર બનાવવાના રહેશે જેમાં કોઈપણ પ્રકારનો ફેર રહેશે નહીં)**

મંદિર કે હરિભક્તોએ તેમની જાહેરખબરવાળા કેલેન્ડર બનાવવા નીચેના નંબર પર સંપર્ક કરવો.

મંદિર માટે

કેલેન્ડરની કિંમત રૂા. ૧૨-૦૦

સ.ગુ.બાલુ સ્વામી : ૯૪૨૭૦૭૦૩૭૧

હાર્દિકભાઈ : ૭૭૭૯૦૫૨૦૪૮

જાહેરાત માટે

કેલેન્ડરની કિંમત રૂા. ૧૪-૦૦

વિપુલભાઈ : ૯૭૨૫૪૪૯૨૮૮

પ્રયાગભાઈ : ૯૪૨૯૦૬૭૫૮૪

નોંધ :- કેલેન્ડર મિનિમમ ૩૦૦ નંગ કોઈપણ એક ડીઝાઈનના કરવાના રહેશે

Praful Kharsani